RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 307, Dt.18-3-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગાઝા પર ઈઝરાયલે ફરી એરસ્ટ્રાઈક કરતા ૨૦૦ના મોત

## મૃતકોમાં અનેક બાળકોનો પણ સમાવેશ : યુધ્ધવિરામનો ભંગ થતાં બંધકોનાં જીવ જોખમમાં: પવિત્ર રમજાન માસમાં જ યુદ્ધવિરામ ભંગ : નવેસરથી હાકલા પડકારા

**મુખ્ય સમાચાર,તેલઅવિવ**

ઈઝરાયલ અને હમાસ વચ્ચે લગભગ ૨ મહિના પછી યુદ્ધવિરામ તૂટી ગયો છે. મંગળવારે સવારે ઈઝરાયલે ગાઝા પર મોટો હુમલો કર્યો. લગભગ ૨૦૦ લોકોના મોત થયાના અહેવાલ છે. મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. ઈઝરાયલે હુમલો કરીને યુદ્ધવિરામનો ભંગ કર્યો છે, જે દર્શાવે છે કે યુદ્ધ ફરી એકવાર શરૂ થવાનું છે. ન્યૂઝ એજન્સી રોઈટર્સના અહેવાલ મુજબ, ઈઝરાયલ ફરી એકવાર જમીન પર આક્રમણ કરવાની યોજના બનાવી રહ્યું છે. આ ગાઝામાંથી ઈઝરાયલી સૈનિકોની પાછી ખેંચી લેવાનો સંકેત આપે છે.

ઈઝરાયલી સેનાએ ફરી એકવાર ગાઝા પટ્ટી પર હુમલો કર્યો છે. નેતન્યાહૂની સેના દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં ૨૦૦ પેલેસ્ટિનિયનોના મોત થયાના અહેવાલ છે. રોકેટ હુમલામાં ઘણા બાળકોએ પણ જીવ ગુમાવ્યા છે. હવાઈ હુમલા પછી, ઈઝરાયલી સેનાએ એમ પણ કહ્યું કે ગાઝામાં તેનું લશ્કરી ઓપરેશન હવાઈ હુમલાઓ ઉપરાંત ચાલુ રહેશે.

ઈઝરાયલી સેનાએ કહ્યું કે તે ગાઝામાં હમાસ કમાન્ડરોને મારવાનું ચાલુ રાખશે અને તેમના આતંકવાદી ઠેકાણાઓને પણ નિશાન બનાવશે. સેનાએ કહ્યું કે જ્યાં સુધી જરૂર પડશે ત્યાં સુધી હુમલા ચાલુ રહેશે અને ઓપરેશનને હવાઈ હુમલાઓથી આગળ વધારવામાં આવશે.

બીજી તરફ, હમાસે ચેતવણી આપી છે કે ગાઝામાં ઈઝરાયલના નવા હુમલાઓ યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરે છે અને બંધકોના ભાવિને જોખમમાં મૂકે છે. નેતન્યાહૂએ હુમલાનું કારણ જણાવ્યું : ઈઝરાયલે આજે ગાઝા પટ્ટી પર શ્રેણીબદ્ધ હવાઈ હુમલાઓ શરૂ કર્યા. ઈઝરાયલે કહ્યું કે જાન્યુઆરીમાં યુદ્ધવિરામ અમલમાં આવ્યા પછી આ પ્રદેશમાં આ સૌથી મોટો હુમલો હતો. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે યુદ્ધવિરામ લંબાવવાની વાટાઘાટોમાં પ્રગતિના અભાવને કારણે તેમણે હુમલાઓનો આદેશ આપ્યો. નેતન્યાહૂએ એમ પણ કહ્યું કે ઈઝરાયલ હવે હમાસ સામે લશ્કરી શક્તિમાં વધારો કરીને કાર્યવાહી કરશે. આ હુમલાથી મુસ્લિમોના પવિત્ર રમઝાન મહિના દરમિયાન યુદ્ધવિરામનો ભંગ થયો હતો અને ૧૭ મહિનાના યુદ્ધમાં સંપૂર્ણ યુદ્ધની સંભાવના વધી ગઈ હતી.

તમને જણાવી દઈએ કે અત્યાર સુધીમાં ઈઝરાયલી હુમલાઓમાં ૪૮૦૦૦ થી વધુ પેલેસ્ટિનિયનોના મોત થયા છે અને ગાઝામાં વ્યાપક વિનાશ થયો છે. આ હુમલાથી હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લગભગ બે ડઝન ઈઝરાયલી બંધકોનું ભાવિ પણ જોખમમાં મુકાયું છે.હમાસે ઈઝરાયલી હવાઈ હુમલાઓને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ગણાવ્યું છે. હમાસે ધમકી આપી છે કે ઈઝરાયલના આ પગલાને કારણે તેના બંધકો જોખમમાં છે અને આ માટે ઈઝરાયલી સરકારને જવાબદાર ઠેરવી છે. હમાસે કહ્યું કે ઈઝરાયલે કોઈપણ ઉશ્કેરણી





વિના હુમલાઓ કર્યા હતા.

ઈઝરાયલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું કે તેમણે આ હુમલા એટલા માટે કર્યા કારણ કે યુદ્ધવિરામ વાટાઘાટો આગળ વધી રહી ન હતી. નેતન્યાહૂએ ઘણી વખત ફરીથી યુદ્ધ શરૂ કરવાની ધમકી આપી છે. યુદ્ધવિરામનો પહેલો તબક્કો ૧ માર્ચના રોજ સમાપ્ત થયો. પ્રથમ તબક્કામાં, હમાસે ૮ મૃતદેહો સહિત ૩૩ બંધકોને મુક્ત કર્યા છે. આ દરમિયાન ઈઝરાયલે ૨,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયન કેદીઓને મુક્ત કર્યા છે. ઈઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામના બીજા તબક્કાની વાતચીત હજુ શરૂ થઈ નથી.

# અસામાજીક તત્વો સાથે સાંઠગાંઠ ધરાવતા પોલીસ કર્મચારીઓની હવે ખેર નથી

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

રાજયમાં વધતી ગુનાખોરીને પગલે વખતોવખત કાયદો-વ્યવસ્થા સામે પ્રશ્નો ઉભા થાય છે. રાજ્યભરના અસામાજીક ગુંડા તત્વોનુ લીસ્ટ બનાવીને કાર્યવાહી કરવા રાજ્ય પોલીસવડાના આદેશ બાદ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ તમામ પોલીસ અધિકારીઓ સાથે બે કલાક લાંબી બેઠક કરી હતી.

કાયદો-વ્યવસ્થાના મુદ્દે કોઈ બાંધછોડ કે ઢીલાશ નહીં રાખવાની સ્પષ્ટ તાકિદ કરવામાં આવી હતી. ગૃહમંત્રીએ એક નિવેદનમાં એમ કહ્યુ છે કે અસામાજીક તત્વો સાથે સાંઠગાંઠ ધરાવતા પોલીસને પણ છોડવામાં નહીં આવે અને બરતરફી સુધીની કાર્યવાહી કરવામાં આવશે. ગુજરાતના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ એક મહત્વપૂર્ણ નિવેદનમાં જણાવ્યું હતું કે જે પોલીસ અધિકારીઓ લુખ્ખા અને અસામાજિક તત્વો સાથે સંબંધ રાખશે તેમની નોકરી જશે.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે રાજ્ય સરકાર આવા તત્વોને કોઈપણ ભોગે બક્ષશે નહીં અને તેમની સાથે સાંઠગાંઠ ધરાવતા પોલીસ કર્મચારીઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્યમાં અસામાજિક તત્વોની તપાસ અલગ અલગ એજન્સીઓ દ્વારા કરવામાં આવી રહી છે. તેમણે ચેતવણી આપતા કહ્યું હતું કે જો કોઈ પોલીસવાળો આવા તત્વો સાથે બેસતો-ઊઠતો જણાશે અથવા તેમની સાથે કોઈપણ પ્રકારનો સંપર્ક રાખતો હશે તો તેને તાત્કાલિક નોકરીમાંથી બરતરફ કરવામાં આવશે.

આ ઉપરાંત, વારંવાર આતંક મચાવનારા લોકો સામે પગલાં લેવામાં નિષ્ફળ રહેનાર સ્થાનિક પોલીસ અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કોંગ્રેસના ધારાસભ્યો દ્વારા કરવામાં આવેલા નિવેદનો અંગે પણ પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતુ કે પોલીસ રાજ્યમાં લુખ્ખા તત્વો ઉપર કડકાઈથી પગલાં લઈ રહી છે. કોંગ્રેસના ધારાસભ્ય અમિત ચાવડા દ્વારા ગૃહમાં પૂછવામાં આવેલા પ્રશ્નોનો જવાબ આપતા સંઘવીએ જણાવ્યું હતું કે અમિતભાઈ ગૃહમાં લાંબા પ્રશ્નો પૂછે છે, પરંતુ બહાર ટપોરીઓના મુદ્દે સહાનુભૂતિ દર્શાવે છે. તેમણે કોંગ્રેસના



નેતાઓ પર સુરતને બદનામ કરવાનું અભિયાન ચલાવવાનો આરોપ પણ લગાવ્યો હતો. કહ્યું હતું કે તેઓ એનસીઆરબીના ડેટાના આધારે સુરતની ખોટી છબી રજૂ કરી રહ્યા છે. સંઘવીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગુજરાત ઝડપથી ન્યાય અપાવવામાં દેશમાં અવ્વલ છે અને અગાઉના વર્ષોની સરખામણીમાં રાજ્યમાં ગુનાઓનું પ્રમાણ પણ ઘટ્યું છે. આ ઉપરાંત, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ કર્ણાટક સરકાર દ્વારા પસાર કરવામાં આવેલા એક બિલ અંગે પણ આકરી પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ દ્વારા કર્ણાટકમાં જે બિલ પસાર કરવામાં આવ્યું છે તે તેમની માનસિકતાને સ્પષ્ટપણે દર્શાવે છે.

# નાગપુર હિંસા બાદ ૧૦ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યુ

## ૬૦ તોફાનીઓની અટકાયત : ૨૫ પોલીસકર્મીઓ ઘાયલ

**મુખ્ય સમાચાર,નાગપુર**

ઔરંગઝેબની કબરના વિવાદે સોમવારે હિંસક વળાંક લીધો. મહારાષ્ટ્રના નાગપુરના મહલમાં સોમવારે રાત્રે બે જૂથો વચ્ચેના વિવાદ બાદ હિંસા ફાટી નીકળી હતી. મહલ પછી, મોડી રાત્રે હંસપુરીમાં પણ હિંસા થઈ. અજાણ્યા લોકોએ દુકાનોમાં તોડફોડ કરી અને વાહનોને આગ ચાંપી દીધી. આ દરમિયાન ભારે પથ્થરમારો થયો. હિંસા બાદ ઘણા વિસ્તારોમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે.

નાગપુરના મહલમાં સૌપ્રથમ હિંસા ફાટી નીકળી હતી, જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા. આમાં પોલીસકર્મીઓનો પણ સમાવેશ થાય છે. ગુસ્સે ભરાયેલા ટોળાએ ૨૫ થી વધુ બાઈક અને ત્રણ કારને આગ ચાંપી દીધી. અત્યાર સુધીમાં ૬૦ થી ૬૫ તોફાનીઓની અટકાયત કરવામાં આવી છે જ્યારે ૨૫ થી ૩૦ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે.

આ હિંસા સંભાજી નગરમાં ઔરંગઝેબના મકબરા



પરના વિવાદ વચ્ચે થઈ હતી. બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ (ટઈડ) એ આ સમાધિને તોડી પાડવાની માંગ કરી હતી. સોમવારે સવારે નાગપુરમાં પણ બંને જૂથોએ પ્રદર્શન કર્યું, જેના થોડા કલાકો પછી હિંસા ફાટી નીકળી.

# સુનીતા વિલિયમ્સ સહિત ૪ અંતરિક્ષ યાત્રીઓનું આવતીકાલે વહેલી સવારે પૃથ્વી પર લેન્ડિંગ

**મુખ્ય સમાચાર,ન્યુયોર્ક**

આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશનમાં છેલ્લા ૯ મહિનાથી ફસાયેલા અંતરિક્ષ યાત્રી સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરની ધરતી પર ઉતરાણની ઘડીઓ આવી પહોંચી છે. ભારતીય સમય અનુસાર આજે મંગળવારે સવારે ૧૦-૩૫ વાગ્યે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી સ્પેસ ક્રાફટને અનડોક કરવામાં આવશે ત્યાર બાદ ક્રૂઝ-૯ની વાપસી શરૂ થઈ જશે, લગભગ ૧૭ કલાકની સફર બાદ અંતરિક્ષ યાત્રીઓ ધરતી પર પહોંચી જશે.

ઉલ્લેખનીય છે કે, સુનીતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ૫ જુન ૨૦૨૪ના સ્પેશ સ્ટેશન જવા રવાના થયા હતા અને ૮ દિવસમાં પાછા આવવાના હતા પણ સ્ટાર લાઈનરમાં ખરાબી આવવાથી તે ખાલી પરત ફર્યુ હતું.

નાસાએ સુનીતા અને વિલ્મોરની વાપસીની પૂરી ડિટેલ તૈયાર કરી લીધી છે. નાસાએ જણાવ્યું હતું કે, ૧૮ માર્ચ સવારે ૮-૧૫ મિનિટે જ યાનનું હેચ બંધ થઈ ગયું હતું. ૧૯ માર્ચ રાત્રે ૨-૪૧ વાગ્યે યાન વાયુ મંડળમાં પ્રવેશ કરશે ત્યારબાદ વહેલી સવારે ૩-૨૭ વાગ્યે સમુદ્રમાં યાન લેન્ડીંગ કરશે અને વહેલી સવારે ૫ વાગ્યા સુધી પ્રેસ કોન્ફરન્સ કરીને તેમની વાપસીની અધિકૃત સૂચના આપવામાં આવશે.

સુનીતા વિલિયમ્સ-બુચ વિલ્મોરની વાપસીનું નાસા લાઈવ પ્રસારણ કરશે. યાનના વાયુ મંડળમાં પ્રવેશ દરમિયાન સૌથી વધુ ખતરો રહે છે. સ્ટાર



લાઈનરમાંથી હિલિયમ ગેસ લીક થવા લાગ્યો હતો, આથી તે ખતરાથી ખાલી નહોતું, નાસાએ ફરી એલન મસ્કની કંપની સાથે મળીને અંતરિક્ષયાત્રીઓની વાપસીનો પ્લાન બનાવ્યો હતો.

ભારતીય સમય અનુસાર સવારે સાડા આઠ વાગ્યાથી લગભગ લાઈવ ટેલિકાસ્ટ શરૂ થઈ જશે. સ્પેસ ક્રાફટમાં સુનીતા અને વિલ્મોર સહિત અન્ય બે અંતરિક્ષ યાત્રીઓ પરત આવી રહ્યા છે.

# લ્યો બોલો...દેશના ધારાસભ્યોની કુલ સંપતિ ત્રણ ઉતરપુર્વના રાજયોના કુલ બજેટ કરતા પણ વધુ

## ૨૮ રાજયોના ૪૦૯૨ ધારાસભ્યોની કુલ મિલ્કતો રૂા.૭૩૩૪૮ કરોડઃ ઉતર પુર્વના ત્રણ રાજયોનું કુલ બજેટ રૂા.૭૨૦૦૦ કરોડ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

રાજકારણ એ ચોખ્ખા નફાનો ધંધો છે અથવા તો કહો કે વકરો એટલો નફો છે તે દ્રષ્ટાંત આપણા દેશના વિવિધ રાજયોના ધારાસભ્યો પણ પુરા પાડી રહ્યા છે અને હજુ સાંસદોનો તો તેમાં સમાવેશ કરાયો નથી. હાલમાં જ એસોસીએશન ફોર ડેમોક્રેટીક રીફોર્મ જે સંસ્થા રાજકીય ભ્રષ્ટાચાર પર સીધર નજર રાખે છે તેના એક રીપોર્ટ મુજબ દેશના ધારાસભ્યો (એમએલએ)ની કુલ સંપતિ ત્રણ ઉતરપુર્વના રાજયોના કુલ બજેટ કરતા પણ વધુ છે.

ચુંટણી સુધારા સહિતના ક્ષેત્રે કામ કરતી આ સંસ્થા અનેક વખત રાજકીય નેતાઓ અને સરકારોને પરેશાન કરે પણ સત્ય હોય અને આંકડા-તથ્યો સાથેના રીપોર્ટ રજુ કરે છે તેનો આ લેટેસ્ટ રિપોર્ટ ચોંકાવનારો છે. દેશના તમામ રાજયોના ધારાસભ્યોની કુલ મિલ્કત રૂા.૭૩૩૪૮ કરોડ છે. જે નાગાલેન્ડ (રૂા.૨૩૦૮૬ કરોડ) ત્રિપુરા (રૂા.૨૬૮૯૨ કરોડ) અને મેઘાલયા (રૂા.૨૨૦૨૨ કરોડ)ના કુલ સરવાળા કરતા પણ વધુ છે.

દેશની ૨૮ ધારાસભાના ૪૧૨૩ ધારાસભ્યોની કુલ મિલ્કતો પરથી આ આંકડા મેળવાયા છે. જે રાજયોના ધારાસભ્યો સૌથી વધુ ધનવાન છે. તેમાં કર્ણાટક મોખરે છે જેમાં ૨૨૩ ધારાસભ્યોની કુલ મિલ્કત રૂા.૧૪૧૭૯ કરોડ છે. આમ અહી દરેક ધારાસભ્ય સરેરાશ રૂા.૬૩ કરોડની મિલ્કત ધરાવે છે. બીજા ક્રમે મહારાષ્ટ્ર છે જેને ૨૮૬ ધારાસભ્યોની કુલ મિલ્કત રૂા.૧૨૪૨૪ કરોડ છે.

આંધ્રપ્રદેશના ૧૭૪ ધારાસભ્યોની કુલ મિલ્કત ૧૧૩૨૩ કરોડ, તેલંગાણાના ૧૧૯ ધારાસભ્યોની કુલ મિલ્કત રૂા.૪૬૩૭ કરોડ અને ઉતરપ્રદેશના ૪૦૩ ધારાસભ્યોની કુલ મિલ્કત રૂા.૩૨૪૭ કરોડ છે. જો પક્ષવાર આ સ્થિતિ જોવામાં આવે તો ભાજપ જેમ દેશનો સૌથી તવંગર પક્ષ છે તો તેના ૧૬૩૩ ધારાસભ્યોની કુલ મિલ્કત રૂા.૨૬૨૭૦ કરોડ છે જે સૌથી વધુ ધનવાન ધારાસભ્યો ધરાવે છે. કોંગ્રેસના ૬૪૬



ધારાસભ્યો રૂા.૧૭૩૫૭ કરોડની મિલ્કત ધરાવે છે અને ટીડીપીના ૧૩૪ ધારાસભ્યો રૂા.૯૧૦.૮ કરોડ, શિવસેનાના ૫૯, ધારાસભ્યો રૂા.૧૭૫૮ કરોડ અને ડીએમકેના ૧૩૨ ધારાસભ્યો રૂા.૧૬૭૫ કરોડની મિલ્કતો ધરાવે છે.

# દેશમાં સ્વાસ્થ્ય સેવાઓ મોંઘીઃ હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમીયમ ચૂકવવા પણ લોન લેવી પડે છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં સ્વાસ્થ્ય સેવાઓના ખર્ચા વધી ગયા છે. તેને કવર કરવા માટે લેવામાં હેલ્થ ઈન્સ્યોરન્સનું પ્રીમીયમ પણ ઓછું મોંઘુ નથી પરિસ્થિતિ એ છે કે, વીમા પ્રિમીયમના વધતા ખર્ચના કારણે લોકો લોન લઈને પોતાનું હેલ્થ કવર જાળવી રાખવા કે તેને વધારવાની કોશિશ કરી રહ્યા છે.

અહેવાલો મુજબ ફિનસેલ બીમપે ફિનશ્યોર અને ઈન્શ્યોર ફિન જેવી સ્ટાર્ટઅપ કંપનીઓ વીમા પ્રીમીયમ માટે ફાયનાન્સ કરી રહી છે. ફિનસેલ અને બીમપે દર મહિને લગભગ ૭ હજાર નવા ગ્રાહકો જોડી રહી છે. સરેરાશ લોન દરેક ગ્રાહકો માટે ૪૦ હજારની હોય છે જેના પર વ્યાજ ૫૨ ૧૨ ટકાથી ૧૩ ટકાની વચ્ચે હોય છે. જે ગ્રાહકની ક્રેડીટ પ્રોફાઈલ પર નિભૃર




છે.

બીમપેના સીઈઓ હનુત મહેતાના અનુસાર તેમના ૭૦ ટકા ગ્રાહક ટિયર-૨ અને ટિયર-૩ જેવા નાના શહેરોથી આવે છે. આમાંથી ૩૦ ટકા લોકોએ પહેલા કયારેય લોન લીધી નથી હોતી. તેમણે જણાવ્યું હતું કે લોકો સરળ પેમેન્ટ વિકલ્પનો ઉપયોગ કરીને પોતાના વીમા કવરેજને વધારી શકે છે અને બહેતર સુરક્ષા મેળવી શકે છે.વીમા ઈન્ડસ્ટ્રીના અનુમાન અનુસાર ગત એક વર્ષમાં ૫૨ ટકા પોલીસી ધારકનું હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રીમીયમ ૨૫ ટકા સુધી વધી ગયું છે. ફિનસેલના સીઈઓ ટિમ મેથ્યુઝે જણાવ્યું હતું કે કોરોના બાદ દર વર્ષે હેલ્થ કેર ખર્ચ વધી રહ્યો છે. હાલના એક રિપોર્ટમાં સ્વાસ્થ્ય ક્ષેત્રમાં મોંઘવારી ૧૪ ટકા બતાવાઈ છે. તેના કારણે યુવાનો પણ પોતાના પરિવાર માટે મોટુ હેલ્થ કવર લેવાનું પસંદ કરે છે.

# પાકિસ્તાનની જેલોમાં ૧૨૩ ગુજરાતી સહિત ૧૯૪ ભારતીય માછીમારો કેદ

## રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીને વિદેશ રાજ્યમંત્રીએ આપી માહિતીઃ સરકાર માછીમારના પરિવારોને નાણાકીય સહાય આપે છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આજ પર્યંત ૧૯૪ ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે, જેમાંના ૧૨૩ ગુજરાતના છે. ગુજરાતના આ ૧૨૩ માછીમારોમાંથી ૩૩ એવા છે કે જે ૨૦૨૧ની સાલથી, ૬૮ માછીમારો ૨૦૨૨ની સાલથી પાકિસ્તાની જેલમાં કેદ છે.

જ્યારે ગુજરાતના નવ માછીમારોને ૨૦૨૩માં અને ૧૩ને ૨૦૨૪માં પાકિસ્તાની સત્તાવાળાઓએ કેદ કર્યા હતા. પાકિસ્તાનની જેલોમાં હાલ કેદમાં રખાયેલા ભારતના માછીમારો સંબંધે રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીએ કરેલા એક પ્રશ્નના જવાબમાં રાજ્યકક્ષાના વિદેશમંત્રી શ્રી કિર્તીવર્ધનસિંહે આ માહિતી આપી હતી.

વિદેશ રાજ્યમંત્રીના નિવેદન અનુસાર, ભારત અને પાકિસ્તાન દર વર્ષે તા. ૧ જાન્યુઆરી અને તા. ૧ જુલાઈના રોજ પોતપોતાની જેલોમાં કેદ એકબીજાના દેશના નાગરિકો અને માછીમારોની યાદી એકબીજાને સુપરત કરે છે. આ અંતર્ગત ગત ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ અપાયેલી યાદીમાં પાકિસ્તાને તેની જેલમાં ૨૧૭ ભારતીય માછીમારો કેદ હોવાનું સ્વીકાર્યું હતું. આ યાદી અપાઈ ત્યારથી એક ભારતીય માછીમારનું અવસાન થયું છે અને ૨૨ અન્ય ભારતીય માછીમારને મુક્ત કરીને ભારતને સોંપી દેવાયા છે.

નિવેદનમાં ઉલ્લેખ કરાયો હતો કે, ભારતીય માછીમારોના કલ્યાણ, સુરક્ષા અને સલામતીને ભારત સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. પાકિસ્તાન દ્વારા ભારતીય માછીમારની અટકાયતના જેવા સમાચાર મળે કે તુરત ઈસ્લામાબાદ સ્થિત ભારતીય દૂતાવાસ હરકતમાં આવી જાય છે. પાકિસ્તાન સરકાર પાસેથી આ માછીમારો સાથે ભારતીય રાજદૂતની મુલાકાતની માગણી કરાય છે.

તેમજ તેમને વહેલીતકે મુક્ત કરીને સ્વદેશ પરત મોકલાય તેની પણ વ્યવસ્થા કરાય છે. કાનૂની સહાયતા સહિત ભારતીય માછીમારોને તમામ સંભવિત મદદ પહોંચાડાય છે. પાકિસ્તાન સરકાર સમક્ષ ભારતીય દૂતાવાસ દ્વારા સતત ભારતીય માછીમારોની વહેલીતકે મુક્તિ તેમજ સ્વદેશગમનનો મુદ્દો ઉઠાવાય છે. એટલું જ નહીં, આ મામલો સંપૂર્ણપણે માનવતાવાદી ધોરણે તેમજ જીવનનિર્વાહને અનુલક્ષીને ધ્યાનમાં લેવામાં આવે



તેવો સંદેશો આપવામાં આવે છે.

ઈન્ડિયા-પાકિસ્તાન એગ્રિમેન્ટ ઓન કોન્સ્યુલર એક્સેસ ૨૦૦૮થમાં પાકિસ્તાન દ્વારા ધરપકડ કરાયેલા માછીમારોની મુક્તિ અને સ્વદેશ પરત મોકલવાની પ્રક્રિયાની માર્ગદર્શિકા નિર્ધારિત કરાઈ છે. બંને દેશની હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશોની બનેલી નઈન્ડિયા-પાકિસ્તાન જ્યુડિશિયલ કમિટી ઓન પ્રિઝનર્સથ દ્વારા કેદીઓ તેમજ માછીમારો સાથે માનવતાપૂર્ણ વ્યવહાર માટેનાં પગલાં ઉપરાંત તેમની વહેલી તકે મુકિતની ભલામણ કરાય છે. બંને દેશની સરકારોએ ૨૦૦૮ની સાલમાં આ કમિટીની સ્થાપના કરી હતી જેની અત્યારસુધીમાં સાત વખત બેઠક યોજાઈ ચૂકી છે. વિદેશ રાજ્યમંત્રીના જવાબમાં ઉલ્લેખ કરાયો હતો કે, ભારત સરકારના માછીમારી વિભાગ, મત્સ્યોદ્યોગ, પશુ સંવર્ધન અને ડેરી મંત્રાલય દ્વારા માછીમારોના કલ્યાણ માટે વિવિધ ફ્લેગશીપ કાર્યક્રમોનું સંચાલન કરાય છે. ગુજરાત સરકાર પણ કેદ કરાયેલા માછીમારોના પરિવારજનોને નાણાકીય સહાય પૂરી પાડવા રાહત યોજનાનું સંચાલન કરી રહી છે.

## પોલીસ એ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને સાર્થક કરતું જામનગર જિલ્લાનું પોલીસ તંત્ર

# જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલા પર મોબાઈલ ફોન શોધીને તેના મૂળ માલિકને પોલીસે પરત સોંપ્યા

**મુખ્ય સમાચાર,જામનગર**

પોલીસ એ પ્રજાનો મિત્ર છેથ એ સૂત્ર જામનગર જિલ્લાના પોલીસ તંત્રએ સાર્થક કરીને બતાવ્યું છે, અને જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી જુદા જુદા નાગરિકોના ગુમ થયેલા પર જેટલા મોબાઈલ ફોન પોલીસે બે મહિનાની કવાયત હાથ ધરીને શોધી કાઢી તેના મૂળ માલિકને પરત અપાયા છે. જિલ્લા પોલીસવડા ની આગેવાનીમાં એસ.પી. કચેરીમાં પતેરા તુજકો અર્પણથ કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઉચ્ચ પોલિક અધિકારીઓની હાજરીમાં તમામ મોબાઈલના મૂળ માલિકોને બોલાવીને મોબાઈલ ફોન સુપ્રત કરી દેવાયા હતા.જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ની આગેવાની હેઠળ શહેર જિલ્લાના નાગરિકોના ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવા માટેની પોલીસ દ્વારા વિશેષથી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે, જેના ભાગરૂપે જામનગરના સીટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી છેલ્લા બે થી અઢી મહિનાના સમયગાળા દરમિયાન આશરે પર જેટલા વ્યક્તિઓના અલગ અલગ વિસ્તારમાંથી મોબાઈલ ફોન ખોવાઈ ગયા અથવા ગુમ થયા હોવા ની જાણકારી પોલીસ તંત્રને મળી હતી.


જે તમામ મોબાઈલ ફોન તેના મૂળ માલિકને પરત મળી જાય, તે માટે એસ.પી. પ્રેમસુખ ડેલુ દ્વારા વિશેષ ઝુંબેશ ચલાવવા માટે અલગ અલગ ટુકડીને કાર્યરત કરવામાં આવી હતી. જેના અનુસંધાને જામનગરના શહેર વિભાગના ડીવાયએસપી જે.એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ સીટી એ. ડિવિઝનના નિકુંજસિંહ ચાવડા અને તેઓની અલગ અલગ પોલીસ ટીમ દ્વારા સમગ્ર કવાયત હાથ ધરવામાં આવી હતી, અને ગુજરાત સરકારના વિશેષ પ્રકારના સોફ્ટવેર ની મદદ લઈને સમગ્ર મોબાઈલ ફોનની કોલ ડિટેઈલ કઢાવવામાં આવી હતી, અને તેની ઝીણવટભરી તપાસ કર્યા બાદ આખરે આવા કુલ પર ફોન શોધી કાઢવામાં આવ્યા હતા. અંદાજે ૬ લાખથી લઈને ૮ લાખ સુધીની કિંમતના કુલ પર નંગ મોબાઈલ ફોન કે જે જામનગર શહેર અથવા તો અન્ય વિસ્તારમાં કોઈ પણ સંજોગોમાં પહોંચી ગયા હોય, તે તમામ મોબાઈલ ફોન ને જામનગર પરત મંગાવી લેવામાં આવ્યા હતા. જેની સંપૂર્ણ યાદી તૈયાર કરી આજે જામનગરના જિલ્લા પોલીસ વડા ની કચેરીમાં પતેરા તુજકો અર્પણથ શીર્ષક હેઠળનો વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ગુજરાત રાજ્ય સરકારના પોલીસ વિભાગ દ્વારા ચલાવતા આ કાર્યક્રમ હેઠળ પોલીસ દ્વારા પ્રજાજનો ને તેનો મુદામાલ પરત મળી જાય તે માટેની વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવે છે, તેના ભાગરૂપે જામનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુ, શહેર વિભાગના ડીવાયએસપી જે. એન. ઝાલા, ગ્રામ્ય વિભાગના ડીવાયએસપી આર.બી. દેવધા, લાલપુરના એએસપી પ્રતિભા, તેમજ સીટી એ. ડિવિઝનના પી.આઈ.




એન. એ. ચાવડા વગેરેની આગેવાનીમાં એક વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.જે કાર્યક્રમમાં જામનગર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તાર સહિતના કુલ ૫૩ વ્યક્તિઓ, કે જેઓના મોબાઈલ ફોન ગુમ થયા હતા, તે તમામને બોલાવાયા હતા, અને પ્રત્યેક મોબાઈલ ધારકોને ખરાઈ કરીને તેઓનો ગુમ થયેલો મોબાઈલફોન પર ત સોંપી દઈ પપોલીસ એ પ્રજાનો મિત્ર છેથ તે સૂત્રને સાર્થક કર્યુ હતું.આ સમગ્ર કાર્યવાહીને લઈને તમામ લાભાર્થીઓએ પણ આનંદ સાથે સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમજ જામનગર પોલીસ વિભાગ નો વિશેષ રૂપે આભાર વ્યક્ત કર્યો હતો.

# મોરબીના રોડની ખરાબ સ્થિતિ અંગે શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને રોડનું નિરીક્ષણ કરવા આમંત્રણ

**મુખ્ય સમાચાર,મોરબી**



ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ આગામી ૨૬ માર્ચે મોરબી મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ મુખ્યમંત્રીને શહેરના વાવડી રોડ, રવાપર રોડ અને પંચાસર રોડની ખરાબ સ્થિતિનું નિરીક્ષણ કરવા આમંત્રણ પાઠવ્યું છે. મોરબી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ યાદીમાં જણાવ્યા અનુસાર, ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ રોડ–રસ્તાની ગુણવતા અને ઝીરો ટોલરન્સથી ભ્રષ્ટાચાર નાબુદીની વાત કરી રહયા છે અને આગામી તારીખ ૨૬ માર્ચના રોજ મોરબી પધારી રહયા છે. ત્યારે મુખ્યમંત્રીને મોરબી શહેરના વાવડી રોડ અને રેલ્વે સ્ટેશનથી વી.સી. ફાટક સુધીના રોડની મુલાકાત લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આશરે બાવીસ વર્ષ પહેલા બનેલ રેલ્વે સ્ટેશનથી વી.સી. ફાટક સુધીનો જે રોડ બન્યો છે તે આજે પણ કયાંય તુટયો નથી. જે ગુણવતા લાયક છે ત્યારે શહેરનો વાવડી રોડ આશરે આઠ કરોડના ખર્ચે કોરોના સમયે વર્ષ–૨૦૨૦ માં શરૂ થયો અને છ માસની મુદત હતી. જે રોડ બે વર્ષ થયા અધુરો પડ્યો હતો અને માલ–સામાન ગુણવતાહીન નાખવામાં આવ્યા હતા. જેના પરીણામરૂપ આ વાવડી રોડ સદંતર તુટી ગયેલ છે. તેમજ તાજેતરમાં નિર્માણ પામેલા રવાપર રોડ અને પંચાસર રોડની હાલત પણ કંઈક આવી જ છે. ત્યારે ગુણવતાના ચાહક મુખ્યમંત્રીને આ તમામ રોડની મુલાકાત લેવા આમંત્રણ પાઠવેલ છે, તેમ યાદીમાં જણાવ્યુ છે.

# મોરબીમાં વરમોરા પરિવારના સૌજન્યથી ડૉ. હસ્તીબેન મહેતાના ૧૬૪માં આરોગ્ય કેમ્પનું આયોજન

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના વરમોરા પરિવારના સૌજન્યથી માતુશ્રી ગૌરીબેન ગણેશભાઈ પટેલ દ્વારા પિતાશ્રી ગણેશબાપાની પુણ્યતિથિ નિમિતે મોરબી નજીક ઢુવા ખાતે, સનહાર્ટ ગ્રુપ જયસન સિરામિકમાં રક્તદાન અને આરોગ્ય કેમ્પ યોજાયો હતો. સંત પ્રેમ પ્રકાશ સ્વામીના માર્ગદર્શન હેઠળ સંસ્કાર બ્લડ બેંક દ્વારા આયોજિત આ કેમ્પમાં ૧૦૧ બોટલ રક્તસંગ્રહ થયું હતું. ડો. હસ્તલેખાબેન મહેતાના ૧૬૪મા નિઃશુલ્ક એકદિવસીય આરોગ્ય કેમ્પમાં આવેલ દર્દીઓને નિદાન અને સારવાર આપવામાં આવી હતી.

મોરબી જીલ્લાના ઢુવા ગામે ૮–એ નેશનલ હાઈવે પર આવેલ સનહાર્ટ ગ્રુપ જયસન સિરામિક ખાતે માતુશ્રી ગૌરીબેન ગણેશભાઈ પટેલ – વરમોરા પરિવાર દ્વારા પિતાશ્રી ગણેશ બાપાની પુણ્યતિથિ નિમિત્તે વિશાળ આરોગ્ય અને રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞમાં સંત શ્રી પ્રેમ પ્રકાશ સ્વામીના માર્ગદર્શન હેઠળ સંસ્કાર બ્લડ બેંક દ્વારા રક્તદાન કેમ્પ યોજાયો હતો, જેમાં સવેચ્છાએ રક્તદાન માટે ઉમટી પડતાં માત્ર બે કલાકમાં ૭૮ બોટલનું સંગ્રહ થયું અને આખા કેમ્પ દરમિયાન ૧૦૧ બોટલ રક્તસંગ્રહ કરવામાં આવ્યું હતું.

ડો. હસ્તલેખાબેન મહેતા દ્વારા ૧૬૪મા એકદિવસીય આરોગ્ય કેમ્પમાં દર્દીઓને નિદાન અને સારવાર આપવામાં આવી હતી. જેમાં ત્રણ દિવસની દવા, વજન નિરીક્ષણ, બીપી ચેક અપ, અને જરૂરિયાત મુજબ બ્લડ શુગર ટેસ્ટ કરી આપવામાં આવ્યા હતા. કેમ્પમાં કુદરતી બક્ષિશ પોઈન્ટ



પદ્ધતિ દ્વારા જયસુખભાઈ ભાલોડિયાએ દર્દીઓને વિશિષ્ટ પ્રકારની સારવાર આપતા દર્દીઓને રાહતનો અનુભવ થયો હતો.

આ કેમ્પના સફળ આયોજન માટે ગણેશ બાપા પરિવારના સુપુત્ર ગોવિંદભાઈ તથા અન્ય પરિવાર સભ્યો અને સિરામિક સ્ટાફે સુંદર અને શિસ્તબદ્ધ આયોજન કર્યું હતું. સાથે જ સંસ્કાર બ્લડ બેંકની ટીમે બહોળું યોગદાન આપ્યું હતું. કેમ્પમાં સહાયક રશ્મિનભાઈ દેસાઈ, કેતનભાઈ મહેતા અને બિંદુબેન દવે દ્વારા સેવા આપવામાં આવી હતી.

# નવલખી બંદરના વિકાસ માટે મોરબી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની મુખ્યમંત્રીને રજુઆત


■ **નવલખી બંદરની સુવિધાઓમાં વધારો કરવા ઉદ્યોગકારોની માંગ**

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ જયંતીભાઈ પટેલે નવલખી બંદરના આધુનિકીકરણ અને વિકાસ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજુઆત કરી છે. જ્યડના અમલથી વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું છે, પરંતુ વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે કેટલાક મહત્વપૂર્ણ પગલાં લેવાની જરૂરિયાત સાથે લેખિત રજુઆત કરવામાં આવી છે.

મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદ સહિતના ઉદ્યોગહબ માટે મહત્વના બનેલા નવલખી બંદરના વિકાસને વધુ ગતિ આપવા મોરબી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ જયંતીભાઈ પટેલે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજુઆત કરી જણાવ્યું કે ગુજરાત મેરીટાઈમ બોર્ડ અને સરકાર દ્વારા જ્યડના અમલથી નવલખી બંદર પર એક આધુનિક અને પારદર્શી વ્યવસ્થા ઉભી થઈ છે. આના કારણે આયાતકારો અને હેન્ડલીંગ એજન્ટો માટે એક વ્યાવસાયિક શ્રેષ્ઠ નીતિ સ્થાપિત થઈ છે, અને મોનોપોલી તોડી નવી સ્પર્ધાત્મકતા ઊભી થઈ છે. સ્ટીવીડોર અને હેન્ડલીંગ એજન્ટોની નિમણૂંકથી કાર્ગો હેન્ડલીંગ ખર્ચમાં ઘટાડો થયો છે, જેનાથી વેપાર-ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું છે.

આ સાથે આવશ્યક સુવિધાઓ અને વિકાસ માટેની મુખ્ય માંગણીઓમાં નવું ડ્રેજીંગ જરૂરી છે, નવલખી બંદર પર નવી જેટી બનાવાઈ છે, પણ ચેનલ (ક્રિક)માં પૂરાણ થવાને કારણે શીપ ડ્રાફ્ટ ૯-૧૧ મીટર સુધી સીમિત થઈ ગયો છે, જે અગાઉ ૧૨-૧૪ મીટર સુધી હતો. જો ડ્રેજીંગ કરાય તો મોટી શીપો અને કન્ટેનર બાજીર્સ સરળતાથી લોડીંગ-અનલોડીંગ કરી શકશે. આ ઉપરાંત



કંડલા પોર્ટના ડ્રેજીંગ કાદવથી નવલખી બંદર પર અસરમાં કંડલા બંદરનું ડ્રેજીંગ નવલખી બંદર માટે મુશ્કેલી સર્જી રહ્યું છે, કારણ કે ત્યાંનો કાદવ અહીં સુધી પહોંચી રહ્યો છે, જેના કારણે દરિયાઈ પાણીની ઉંડાઈ ઘટી રહી છે. જો આ પ્રક્રિયાને રોકવામાં ન આવે તો નવલખી બંદર ભવિષ્યમાં સંપૂર્ણપણે બંદ થવાની ભીતી છે.

તદુપરાંત વિવિધ કાર્ગો માટે અલગ સ્ટોરેજ સુવિધામાં હાલમાં કોલ હેન્ડલીંગ માટે સ્ટોરેજ છે, પણ ફર્ટીલાઈઝર, સોલ્ટ, ફૂડ ગ્રેઈન, બોકસાઈડ, ઈન્ડસ્ટ્રીયલ જીપ્સમ, સીરામીક પ્રોડક્ટ્સ વગેરે માટે અલગ સ્ટોરેજ સુવિધા નથી. નવી સુવિધાઓ ઉભી કરવાથી આયાત-નિકાસના વિકલ્પો વધશે અને વેપાર વિસ્તરી શકશે. આ સિવાય મોરબી-રાજકોટ ઉદ્યોગો માટે વિશિષ્ટ અનુકૂળતાની વાત કરીએ તો મોરબીનો સિરામીક ઉદ્યોગ, રાજકોટનો ઓટોમોબાઈલ ઉદ્યોગ, અને પેપર મિલ, ટેકસટાઈલ, ઘડીયાલ, પોલીપેક, સોલ્ટ ઉદ્યોગો માટે ૧૨ મીટર ઉંડાઈ ધરાવતી નવી જેટી અને કન્ટેનર લોડીંગ-અનલોડીંગ સુવિધા જરૂરી છે. હાલમાં આ ઉદ્યોગો માટે કંડલા અને મુન્દ્રા પોર્ટનો ઉપયોગ થાય છે, જો કે નવલખી બંદરથી સીધા આયાત-નિકાસ થાય તો ઉદ્યોગકારોને લોજીસ્ટિક ચાર્જમાં ઘટાડો થશે અને તેઓ ગ્લોબલ માર્કેટમાં વધુ સ્પર્ધાત્મક બની શકશે. અને ઉદ્યોગ-ધંધાનો વિકાસ થાય, જેવી માંગણી સાથે રજુઆત કરવામાં આવી હતી.

# ગીર ગઢડાના નવા ઉગલા - જૂના ઉગલા અંબાડા રોડનું ખાતમુહૂર્ત કરાયું



મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઉના

ગીરગઢડા – ઊના ના લોકપ્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ની રજૂઆત અને માંગણી ને ધ્યાને લઈ, ગુજરાત સરકાર દ્વારા ગીર ગઢડા તાલુકાના નવા ઉગલા – જૂના ઉગલા – અંબાડા* ગામને જોડતા રોડ ને ડામર રોડ બનાવવામાં માટે રૂપિયા ૧.૭૪ કરોડ મંજૂર કરવામાં આવેલ, જેનો વર્ક ઑર્ડર ઇસ્યુ થતાં, ધારાસભ્ય શ્રી કે. સી. રાઠોડ સાહેબ ની સૂચના મુજબ આજે વિધિવત રીતે ખાતમુહૂર્ત* કરવામાં આવ્યું.આ કાર્યક્રમ મા જીલ્લા પંચાયત કારોબારી ચેરમેન શ્રી ડાયાભાઈ જાળોંધરા , તાલુકા પંચાયત પ્રમુખ પ્ર. શ્રી પ્રવીણભાઈ સાંખટ , તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ધર્મેશભાઈ રાખોલીયા, તાલુકા પંચાયત ઉપ પ્રમુખ ભીખાભાઈ કીડેચા, તાલુકા ભાજપ મહામંત્રી કે.સી. રાજપુત, તાલુકા પંચાયત ના સદસ્યશ્રી ઓ અને ગામ લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# મોરબીની પ્રજાના પ્રશ્નો માટે આમ આદમી પાર્ટી દ્વારા મુખ્યમંત્રીને રૂબરૂ લેખિત રજુઆત કરાશે

■ **આમ આદમી પાર્ટી મોરબી જીલ્લાની પ્રજાના હિતમાં આગેવાની લેશે**

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી જીલ્લામાં આમ આદમી પાર્ટી એક સક્રિય વિરોધપક્ષ તરીકે કામગીરી કરી રહી છે. આગામી ૨૬ માર્ચે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની મોરબી મુલાકાત દરમિયાન પઆપથના જીલ્લા પ્રભારી પંકજ રાણસરિયા મુખ્યમંત્રી સમક્ષ મોરબીની પ્રજાના તાત્કાલિક પ્રશ્નો લેખિતમાં રજુ કરશે. ત્યારે મોરબીના નાગરિકોને અપીલ કરી છે કે તેઓ ૨ દિવસની અંદર પોતાના વિસ્તારના મુખ્ય પ્રશ્નોની જાણકારી આમ આદમી



પાર્ટી જીલ્લા કાર્યાલયે નોંધાવે.

આમ આદમી પાર્ટી મોરબી જીલ્લા ટીમ દ્વારા જાહેર કરાયેલ પ્રેસયાદી અનુસાર, મોરબીની જનતાના મહત્વપૂર્ણ પ્રશ્નો પર મુખ્યમંત્રી સાથે લેખિત અને રૂબરૂ ચર્ચા કરવામાં આવશે. આગામી તા.૨૬/૦૩ના રોજ મુખ્યમંત્રી જ્યારે મોરબીની મુલાકાત લેવાના હોય ત્યારે આમ આદમી પાર્ટીના જીલ્લા પ્રભારી પંકજ રાણસરિયા દ્વારા મોરબીની જનતાને અપીલ કરવામા આવી છે કે પોતપોતાના વિસ્તારના જે કોઈ પ્રાણ પ્રશ્નો હોય એમની આમ આદમી પાર્ટીની જીલ્લા કાર્યાલયે ૨ દિવસમા જાણ કરે તેમજ પીડિત પરીવારને સાથે રાખી અત્યાર સુધીમા મોરબીના અધિકારીઓ દ્વારા જે હેરાનગતી જનતાને થતી હોય, તેમજ દરેક કામ પૈસા આપીને કરવા પડતા હોય, મોરબી જીલ્લામા ઠેર ઠેર દારૂના ખુલ્લેઆમ ધંધા ચાલુ હોય, છેલ્લા ઘણા સમયથી પોલીસ તંત્રની કથળતી પરિસ્થિતિ, કચેરીઓની અંદર એજન્ટો દ્વારા થતા વહીવટ, ગરીબ માણસોની જમીનોના કોભાંડમા અધિકારીઓની મિલી ભગત આવા ઘણા બધા મુદ્દાઓ લેખીતમા મુખ્યમંત્રીનો સમય માંગીને રૂબરૂ ચર્ચા તેમજ લેખીતમા આપવામા આવશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# મોરબીમાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા છેતરપીંડીના આરોપીને ભચાઉમાંથી ઝડપી લેવાયો



મોરબી એલસીબી તાંતજ પેરોલ ફર્લો સ્ક્વોડ દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી છેતરપીંડી અને વિશ્વાસઘાતના ગુનામાં નાસતા ફરતા આરોપીને કચ્છ જીલ્લાના ભચાઉમાંથી ઝડપી લેવામાં આવ્યો છે, આ સાથે આરોપીને હસ્તગત કરી આહાલની કાર્યવાહી અર્થે મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે. મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમના જયેશભાઈ વાઘેલા અને બ્રિજેશભાઈ કાસુંદ્રાને માહિતી મળી કે વર્ષ ૨૦૧૩માં મોરબી સીટી એ ડિવિઝનમાં નોંધાયેલ છેતરપિંડી વિશ્વાસઘાતના ગુનાનો છેલ્લા ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી મહેશકુમાર રાજપુત ઉત્તરપ્રદેશ વાળો હાલમાં કચ્છ જીલ્લાના ભચાઉ વિસ્તારમાં નાની ચિરઈ ગામ નજીક ક્રિષ્ના આય માતા હોટલ પાસે છે. જેથી મળેલી માહિતીના આધારે એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરતા, આરોપી મહેશકુમારસિંહ અંજનીસિંહ રાજપુત ઉવ.૩૩ રહે.લોહર પશ્ચિમ તા.જી.સુલતાનપુર (ઉતરપ્રદેશ) વાળો મળી આવતા તેને હસ્તગત કરી મોરબી એ ડિવિઝન પોલીસ મથક હવાલે કરવામાં આવ્યો છે.

# માળીયા(મી)ના વવાણીયા ગામે ભાડે મકાન આપી ભાડા કરાર ન કરનાર મકાન-માલીક વિરુદ્ધ કાર્યવાહી

## ભાડુઆત દ્વારા ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરવામાં આવતું હતું

માળીયા(મી) તાલુકાના વવાણીયા ગામે મકાન ભાડે આપી, ભડુઆતની વિગતો પોલીસ મથકમાં ન આપી તેમજ ભાડા–કરાર ન કરનાર મકાન–માલીક વિરુદ્ધ માળીયા(મી)પોલીસ દ્વારા જાહેરનામા ભંગની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ, માળીયા(મી) તાલુકાના વવાણીયા ગામે એલસીબી પોલીસ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે લાખાભાઈ વિરડાના મકાને રેઈડ કરવામાં આવી હતી, આ મકાનમાંથી વિદેશી દારૂની ૨૩૨ બોટલનો મુદ્દામાલ પકડી લેવામાં આબયો હતો, ત્યારે પોલીસ તપાસમાં આ મકાન સાગર ઉર્ફે ઠુઠો સવસેટા નામના ઈસમે ભાડે રાખ્યું હોય પરંતુ મકાન–માલીક લાખાભાઈ હીરાભાઈ વીરડાએ ભાડે મકાન રાખનારના કોઈ આધાર પુરાવા કે ભાડુઆત સંબંધી કોઈ જાણ માળીયા(મુ) પોલુસમાં ન કરી હોય તેમજ ભાડા–કરાર પણ ન કરેલ હોય જેથી પોલીસે આરોપી લાખાભાઈ હીરાભાઈ વીરડા રહે હાલ રહે.મોરબી વાવડી રોડ રામપાર્ક વાળા વિરુદ્ધ જાહેરનામા ભંગની કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ તાલુકાના કોયબા ગામે વાડીની ઓરડીમાં વિદેશી દારૂ-બિયરનો જથ્થો મળી આવ્યો, આરોપી ફરાર

હળવદ તાલુકાના કોયબા ગામની સીમમાં વોકળા કાંઠે આવેલ વાડીની ઓરડીમાંથી વિદેશી દારૂની ૧૮૦મીલી. ની ૪૯ બોટલ તેમજ બિયરના ૨૪ ટીન મળી આવતા હળવદ પોલીસે તમામ મુદ્દામાલ કબ્જે કર્યો છે, આ સાથે આરોપી હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી આગળની કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર,હળવદ પોલીસને બાતમી મળેલ કે સુખદેવસિંહ ઉર્ફે એસપી પોતાની વાડીની ઓરડીમાં વિદેશી દારૂ રાખી તેનું વેચાણ કરે છે, જે મુજબની બાતમીને આધારે તાલુકાના કોયબા ગામની સીમમાં વોકળા કાંઠે વાડીની ઓરડીમાં રેઈડ કરતા વિદેશી દારૂની ૧૮૦મીલી.૪૯ નંગ બોટલ તેમજ કિંગફિસર બિયરના ૨૪ ટીન મળી આવ્યા હસતા, આ સસ્થે હળવદ પોલીસે કિ.રૂ. ૧૦,૧૦૫/–નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હસતો, રેઈડ દરમિયાન આરોપી જીતેન્દ્ર ઉર્ફે સુખદેવસિંહ ઉર્ફે એસ.પી પથુભા ચાવડા રહે.ગામ કોયબા તા.હળવદ વાળો હાજર નહીં મળી આવતા તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.


# મોરબીમાં અચાનક છાતીમાં દુખાવા બાદ બેભાન થયેલ શ્રમિકનું મોત

મોરબીના લાતી પ્લોટ શેરી નં.૨ માં રહેણાંક મકાનમાં સુતા હોય ત્યારે અચાનક છાતીમાં દુખાવા બાદ બેભાન થયેલ પરપ્રાંતિય શ્રમિકનું મૃત્યુ નીપજ્યું હતું. અપમૃત્યુના બનાવ અંગેની મળતી વિગતો અનુસાર મોરબીના લાતી પ્લોટ શેરી નં.૨ માં આવેલ જે.કે. ક્લોક પાર્ટસમાં રહેતા મૂળ અલવારા તા.મંજનપુર કૌશામ્બી ઉત્તરપ્રદેશના વતની વિકાસ રામમિલન સરોજ ઉવ.૨૯ ગઈકાલ તા.૧૭/૦૩ના રોજ ઉપરોક્ત રહેણાંકે સુતા હોય ત્યારે અચાનક છાતીમાં દુખાવો અને ગભરામણની ફરિયાદ બાદ બેભાન થઈ ગયેલા વિકાસ સરોજને સારવાર અર્થે મોરબી સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે જોઈ તપાસી વિકાસભાઈને મૃત જાહેર કર્યા હતા, ત્યારે સીટી એ ડિવિઝન પોલીસે અ. મોત રજીસ્ટર કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# બાલાચડી બીચ ખાતે દરિયા કિનારાની સાફ સફાઈ કરી નેશનલ મેરીટાઇમ ડે ની ઉજવણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, ૫ એપ્રિલ ૧૯૧૯ ના રોજ ભારતીય સ્ટીમર એસ.એસ.લોયલ્ટી મુંબઈથી લંડન જવા રવાના થઈ હતી, એ પ્રસંગની યાદમાં ભારત સરકારના મર્કેન્ટાઈલ મરીન વિભાગ દ્વારા દર વર્ષે ૫ એપ્રિલના રોજ નેશનલ મેરીટાઈમ ડે ની ઉજવણી કરવામાં આવે છે.જેમાં આ વર્ષે નસ્રસમૃદ્ધ સમુદ્ર વિકસીત ભારતસ્ર્સ ની થીમ પર આ વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના અનુસંધાને તા.૧૬ માર્ચના રોજ બાલાચડી બીચ ખાતે દરિયા કિનારાની સાફ સફાઈનું આયોજન નેશનલ મેરીટાઈમ ડે સેલીબ્રેશન કમીટી જામનગર દ્વારા કરવામાં આવ્યું હતુ.જેમાં દરિયાકિનારા પરથી પ્લાસ્ટિક તેમજ અન્ય કચરો એકત્ર કરી તેનો નિકાલ કરાયો હતો સાથે જ દરિયા કિનારે વૃક્ષારોપણ



કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જામનગરમાં શીપીંગ વ્યવસાય સાથે સંકળાયેલ લોકો, એસ.પી.મરીન એકેડેમી માણાવદરના વિદ્યાર્થીઓ, કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહની વિદ્યાર્થીનીઓ, હુન્નરશાળા જોડીયાની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે નેશનલ મેરીટાઈમ ડે સેલીબ્રેશન કમીટી જામનગરના ચેરમેન આશીષ વાનખેડે, સર્વેયર ઈન ચાર્જ મર્કન્ટાઈલ મરીન ડીપાર્ટમેન્ટ જામનગર તેમજ કમીટીના સભ્યો બી.કે.સાબુ, કેપ્ટન અનીરૂદ્ધ, કેપ્ટન વિકાસ, નીલેશ દવે,આદમ ભાયા, શ્રીધરભાઈ, સુધીરભાઈ વછરાજાની અને સૈનિક સ્કુલ બાલાચડીના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર ગઢડા - ઊના રોડના નવીનીકરણ માટે ખાતમુહૂર્ત કરાયું



મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઉના


ઉના ૯૩ વિધાનસભા પ્રજાવત્સલ અને લોકલાડીલા ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ ( કે.સી.રાઠોડ ) દ્વારા , ઉના ગીર ગઢડા રોડ ઉપર ઉના શહેરી વિસ્તાર માં ૧.૬ ઊંખ અને ગીર ગઢડા ગ્રામ્ય વિસ્તારમાં ૦૪ ઊંખ – ૩૩ ફુટ પહોળાઈ ના રોડ માટે રૂ. ૩.૩૧ કરોડ મંજૂર કરાવેલ છે. આજ રોજ ધારાસભ્ય શ્રી ના સૂચન મુજબ ગીર ગઢડા મુકામે તાલુકા પંચાયત પ્રમુખ પ્ર. શ્રી પ્રવીણભાઈ સાંખટ , તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ધર્મેશભાઈ રાખોલીયા , તાલુકા પંચાયત સદસ્ય ઉકાભાઈ વાઘેલા ના વરદ હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આ પ્રસંગે તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ શ્રી કાળુભાઈ રૂપાલા, દકુભાઈ દોમડીયા, કે.સી. રાજપૂત, રાકેશભાઈ,હાર્દિકભાઈ પાનસુરીયા, રસિકભાઈ બાંભણીયા, કરણુભાઈ, ગીર ગઢડા વેપારી મંડળ ના આગેવાનો અને ગામ લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# હું તમારી મૌલિકતા, સર્જનાત્મકતા અને જીવન તથા કળા પ્રત્યેના પ્રેમની પ્રશંસા કરું છું:શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાનની રાજાધિરાજ લવ. લાઈફ. લીલા નિહાળ્યા બાદ પ્રતિક્રિયા

## દુબઈમાં આ અનન્ય મેગા મ્યુઝિકલને મળ્યો અપાર પ્રતિસાદ







**મુખ્ય સમાચાર,રાજકોટ**

સંયુક્ત આરબ અમિરાત (યુ.એ.ઈ.)ના સહિષ્ણુતા અને સહઅસ્તિત્વ મંત્રી, હિઝ હાઈનેસ શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાને ૧૬ માર્ચે દુબઈ ઓપેરા ખાતે ધનરાજ નથવાણી દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા નશ્રી કૃષ્ણથ પર આધારીત વિશ્વના પ્રથમ મેગા મ્યુઝિકલ નરાજાધિરાજ - લવ.લાઈફ.લીલાથ ના ગ્રાન્ડ ફિનાલે શોમાં હાજરી આપી હતી. તેમણે ઉદ્બોધનનો પ્રારંભ આ અનન્ય મ્યુઝિકલની પ્રશંસા સાથે કર્યો હતો. નસ્રઆ સાંજ અહીં તમારી સાથે ગાળવી એ આનંદદાયક છે. આજે અને છેલ્લા કેટલાક દિવસોથી, દુબઈ અને યુએઈના લોકોને શ્રી કૃષ્ણ પર આધારિત વિશ્વના પ્રથમ મેગા મ્યુઝિકલના અસાધારણ પ્રદર્શનનું અવલોકન કરવાની વિશિષ્ટ તક મળી છે.સ્ત્રસ્ર

તેમણે આગળ જણાવ્યું હતું કે, નસ્રહું આ ભવ્ય ઈવેન્ટને આયોજન કરનાર દરેકને અભિનંદન પાઠવવા માંગુ છું. ખાસ કરીને, હું આજે અહીં ઉપસ્થિત તમામ કલાકારો અને પ્રોડક્શન ટીમના સભ્યોનું હાર્દિક સ્વાગત કરું છું. હું તમારી મૌલિકતા, સર્જનાત્મકતા અને જીવન તથા કળા પ્રત્યેના તમારા પ્રેમની પ્રશંસા કરું છું. ભગવાન શ્રી કૃષ્ણનું વિશ્વ પ્રેમ, કરુણા, રક્ષણ, ભ્રાતૃત્વ, શાંતિ અને સુમેળથી ભરેલું છે. આ ભવ્ય મ્યુઝિકલ દ્વારા તમે આ સંદેશને યુ.એ.ઈ. સુધી પહોંચાડીને સાબિત કર્યું છે કે અમારો દેશ આ વૈશ્વિક મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ છે, જે આપણા બધા જ મનુષ્યોમાં સામાન્ય છે.સ્ત્રસ્ર

તેમણે વધુમાં જણાવ્યં હતું કે યુ.એ.ઈ.ના રાષ્ટ્રપતિ, હિઝ હાઈનેસ શેખ મોહમદ બિન ઝાયેદ અલ નહ્યાન માનવ મૂલ્યોના પ્રચાર અને અહીંયા રહેનારા તમામ લોકોના માનવ અધિકારોનું સન્માન કરવા તેમજ તેમને ગરીમા પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે. નસ્રતેમણે તમામ દેશોને પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય સ્થિરતા, સુરક્ષા અને શાંતિ તેમજ વિશ્વના લોકો માટે વિકાસ તથા સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટે જણાવ્યું છે. વધુમાં તમે ભારતની સંસ્કૃતિ અને કળાના ક્ષેત્રની પ્રભાવશાળી સિદ્ધિઓનું પ્રદર્શન કર્યું છે, જે તમારા સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને દર્શાવે છે. તમે ભારત અને સંયુક્ત આરબ અમિરાત વચ્ચેના મજબૂત અને મૈત્રીપૂર્ણ સંબંધો અંગેના આપણાં સંયુક્ત ગર્વ અને સંતોષની અભિવ્યક્તિ કરી છે. સાથે મળીને આપણે વિશ્વાસ વ્યક્ત કરીએ છીએ કે ભારત અને સંયુક્ત આરબ અમિરાત વચ્ચે પૂરવાર થયેલી મૈત્રી વધારે મજબૂત બનશે. આપણે વધુ સારા અને વધારે શાંતિપૂર્ણ વિશ્વ તરફની શોધમાં સાથે મળીને આગળ વધીશું.

શ્રી ધનરાજ નથવાણી દ્વારા સંકલ્પના કરાયેલી અને મૂર્તિમંત સ્વરૂપ અપાયેલી રાજાધિરાજ ભારતની સૌપ્રથમ બ્રોડવે-શૈલીની સંગીત મહાનાટિકા છે, જેણે ભારતીય રંગમંચના સ્વરૂપમાં આમૂલ પરિવર્તન લાવી તેને ભવ્યાતિભવ્ય બનાવ્યું છે. મુંબઈ અને દિલ્હીમાં સફળતા મેળવ્યા બાદ, દુબઈમાં પણ આ શોને અપાર પ્રતિસાદ મળ્યો છે.

આઈકોનિક દુબઈ ઓપેરામાં ભારતીય પુરાણકથાનો સમૃધ્ધ વારસો ધરાવતા યોજવામાં આવેલા છ શો ને અદ્દભૂત પ્રતિસાદ સાંપડ્યો હતો. ૨૪૫ કલાકાર-કસબીઓના કાફલાનું તમામ શોમાં હાઉસફૂલ ઓડિયન્સ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સંગીત મહાનાટિકાનું નિર્માણ ભવ્યાતિભવ્ય સ્તરે કરાયું છે, જેમાં ૨૦ મૌલિક ગીતો, ૧૮૦થી વધુ કલાકારો અને ૬૦થી વધુ નર્તકો સામેલ છે. આ પ્રસ્તુતિમાં ઉડીને આંખે વળગે તેવી પ્રોડક્શન ડિઝાઈન, મંત્રમુગ્ધ કરી દેનારી કોરિયોગ્રાફી, અને ૧,૮૦૦ ખાસ તૈયાર કરાયેલી ઉચ્ચકોટિની વેશભૂષા સહિતની દરેક વિશેષતાઓ રસતરબોળ કરી દેનારી અનુભૂતિનું સર્જન કરે છે.

આ ગેમ-ચેન્જર પ્રોડક્શન શ્રી કૃષ્ણના મહિમા અને ભવ્યતા તેમજ ભગવાન શ્રીનાથજીની યાત્રાનું એક અપ્રતિમ ચિત્રણ રજૂ કરે છે જે એક ચમકતા નાટ્ય પ્રદર્શન અને જીવંત ગાયન દ્વારા રજૂ થાય છે. આ પ્રોડક્શનમાં ૨૦ મૌલિક ગીતો, ૧૮૦ થી વધુ કલાકારો અને ૬૦ થી વધુ નર્તકોનો સમાવેશ થાય છે. શોની જટિલ પ્રોડક્શન ડિઝાઈન, મંત્રમુગ્ધ કરનારી કોરિયોગ્રાફી અને ૧,૮૦૦ કસ્ટમ-મેડ કોસ્ચ્યુમ એકસાથે મળીને એક રસતરબોળ કરતો અનુભવ બનાવે છે.

# કોઠારીયા ચોકડી પાસે ઈંડા ખાવા મુદ્દે યુવકની હત્યા કરનાર આરોપીને આજીવન કેદની સજા

## વર્ષ ૨૦૨૧માં કોઠારિયામાં સ્કૂટરચાલક પાસે પૈસાની માંગણી કર્યા બાદ આરોપીએ છરીના ઘા ઝીક્યાં'તા : સીસીટીવી ફૂટેજ એફ.એસ.એલ. રિપોર્ટ સાહેદોની જુબાનીથી કેસ પુરવાર થયો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

કોઠારીયા ચોકડી નજીક આવેલ શ્રી માધવ પાર્કિંગના ગેટ પાસે એક શખ્સો સ્કૂવટર સવારને આંતરી ઈંડા ખાવાના રૂપિયા માંગ્યાન હતા. સ્કૂ ટર ચાલકે રૂપિયા આપવાની ના પાડતા સ્કૂટર ચાલક ઉપર છરી વડે હુમલો કરી હત્યા નિપજાવી હતી. જે ચકચારી હત્યા કેસમાં કોર્ટે આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન સજા અને રૂ.૨૫ હજારનો દંડનો હુકમ ફરમાવ્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં કોઠારીયા મેઈન રોડ ઉપર આવેલ હુડકો ક્વાર્ટરમાં રહેતા કાળુભાઈ રામજીભાઈ ભાદરકા નામનો ૪૨ વર્ષનો યુવાન ગત તા.૫-૧૨-૨૦૨૧ ના રોજ પોતાનું સ્કૂઈટર લઈ કોઠારીયા ચોકડી પાસે આવેલ શ્રી માધવ પોકિંગના ગેઈટ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારરે કોઠારીયા ચોકડી નજીક રહેતા હિંમત ઉર્ફે કાળુ ગઢવી નામના શખ્સે કાળુભાઈ ભાદરકાના સ્કૂટરને આંતરી ઈંડા ખાવા માટે રૂપિયા માંગ્યા હતા. કાળુભાઈ ભાદરકાએ રૂપિયા આપવાની ના પાડતા આરોપી હિંમત ઉર્ફે કાળુ ગઢવીએ કાળુભાઈ ભાદરકા સાથે ઝઘડો કરી પડખાના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા કાળુભાઈ ભાદરકાએ ત્યાંથી પસાર થઈ રહેલા રાહદારી અરમાન નામના યુવકની મદદ માગતા કાળુભાઈ ભાદરકાને તેના સ્કૂગટરમાં રાહદારી અરમાન તેના ઘરે લઈ ગયો હતો જ્યાં પત્નીગ રંભાબેન ભાદરકા, રાહદારી અરમાન અને તેના પુત્રની હાજરીમાં કાળુભાઈ ભાદરકાએ મરણોન્મુખ નિવેદન આપ્યુંદ હતું પરિવાર દ્વારા ગંભીર રીતે ઘવાયેલા કાળુભાઈ ભાદરકાને તાત્કાણલિક સારવાર માટે હોસ્પિદટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજતા બનાવવા હત્યામાં પલટાયો હતો આ અંગે મૃતક કાળુભાઈ ભાદરકાની પત્ની રંભાબેન ફરિયાદ નોંધાવી હતી.

# રૂડા દ્વારા રૂ.૧૧૦૦ લાખના ખર્ચે અમદાવાદ હાઈવેથી કુવાડવા-સરધાર રોડને જોડતા રોડને મંજૂરી

## રૂડા દ્વારા નેશનલ હાઈવે થી સ્ટેટ હાઈવે ને જોડતા રોડ ને મંજૂરી બદલ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય સરકારનો આભાર માનતા પ્રવિણાબેન રંગાણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના નેતૃત્વ માં કેન્દ્ર સરકાર તથા ભુપેન્દ્ર પટેલ ના નેતૃત્વમા તથા પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલજીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર વિકાસની ગતિ પકડી રહી છે.ત્યારે પ્રજાજનોની સુખાકારી માટે વિવિધ વિકાસલક્ષી નિર્ણયો રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી રહ્યાં છે.ભાજપ સરકાર દ્વારા છેવાડાના માનવી સુધી સરકારના વિકાસ કાર્યો અને લોક કલ્યાણકારી યોજનાઓ પહોંચે અને કોઈપણ માનવી રોડ-રસ્તા સાથે ની પ્રાથમિક સુવિધાઓથી વંચિત ન રહે તે દિશા માં કામ કરી રહી છે અને જ્યાં માનવી ત્યાં સુવિધાના મંત્રને સાર્થક કરી રહી છે ત્યારે રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (રૂડા)દ્વારા રૂ.૧૧૦૦ લાખના ખર્ચે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજકોટ અમદાવાદ નેશનલ હાઈવે થી કુવાડવા-સરધાર સ્ટેટ હાઈવે ને જોડતા રોડ ને મંજૂર કરવા માં આવ્યો છે.૩૦ મિટર પહોળાઈ ના આ નેશનલ હાઈવે થી સ્ટેટ હાઈવે ને જોડતો રોડ આજુબાજુ ના ૫૦ થી વધુ ગામો ના લોકો ને ખૂબ જ લાભદાયી થસે નજીક માં હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ તેમજ આજુબાજુ માં ઘણા બધા ઈન્ડ્રસ્ટ્રીયલ યુનિટો આવેલા હોઈ અને આ વિસ્તાર ના લોકો ને ટૂંક સમયમાં ખૂબ સારું ડેવલોપમેન્ટ મળશે.આજુ બાજુ ના ઉદ્યોગો,ખેડૂતો ગ્રામજનોને આ રોડની કનેક્ટિવિટી થતા ખૂબ ફાયદાઓ મળસે સાથોસાથ અમદાવાદથી સરધાર,આટકોટ અને અમરેલી તરફ જતા રાહદારીઓએ કુવાડવા ગામ ની અંદર એન્ટ્રી ન લેતા ટ્રાફિકની સમસ્યામાંથી પણ રાહત મેળવશે. આ રોડ નિર્માણ થતા સરધાર,આટકોટ અને અમરેલી નો ટ્રાફિક સીધો જ રાજકોટને સ્પર્શ થયા વગર અમદાવાદ હાઈવે તરફ વળી જશે. આગામી દિવસોમાં અમદાવાદ રોડ થી કુવાડવા સરધાર સ્ટેટ હાઈવે ને જોડતા આ રોડ બનવાથી આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને વાહન



વ્યવહારની સુવિધામાં વધારો થશે તેવું અંત માં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્ય સરકાર,પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ,સંસદ સભ્યઓ,ધારાસભ્યઓ અને સંગઠનના હોદેદારો નો આભાર વ્યક્ત કરતા રાજકોટ જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી એ જણાવ્યું હતું.

# સૌરાષ્ટ્રકલાકેન્દ્ર સોસાયટીનો અશાંતધારામાં સમાવેશ કરવાની માંગ

## છેલ્લા કેટલાક સમયથી પ્રોપર્ટી ખરીદવા વિધમી દ્વારાહિલચાલ શરુ થયાનો આક્ષેપ: ભવિષ્યમાં બે કોમ વચ્ચે કોઈ વિવાદ ન સર્જાય તે માટે નિર્ણય લેવો જરૂરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના રૈયા રોડ, ભોમેશ્વર સહિતના અનેક વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવામાં આવ્યો છે ત્યારે શહેરના નિર્મલા રોડ ઉપર આવેલ સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટીની શેરી નંબર ૩, ૪ અને ૫ના રહીસોએ પોલીસ કમિશ્નરને આવેદનપત્ર પાઠવી પોતાનો બાકી રહી ગયેલો વિસ્તાર પણ અશાંતધારામાં સમાવી લેવામાં આવે તેવી માંગ ઉચ્ચારી છે છેલ્લા થોડા સમયથી પ્રોપર્ટી ખરીદવા વિધર્મીઓ દ્વારા હિલચાલ થતી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. રાજકોટની સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર સોસાયટી શેરી નંબર ૩, ૪ અને ૫ના રહીસો આજે પોલીસ કમિશ્નર કચેરીએ ધસી આવ્યા હતા અને



આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી કે આ વિસ્તાર સંપૂર્ણ પણે હિંદુ વસ્તી ધરાવતો વિસ્તાર છે છેલ્લા કેટલાક મહિનાથી વિધર્મીઓ દ્વારા મકાન ખરીદવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે જેને લઈને સ્થાનિક રહીસોમાં ચિંતા જોવા મળી રહી છે કેટલોક વિસ્તાર અશાંતધારામાં જોડાયેલો છે ભવિષ્યમાં બે કોમ વચ્ચે કોઈ વિવાદ ન સર્જાય અને વિસ્તારમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે આ વિસ્તારને પણ અશાંતધારામાં સમાવી લેવામાં આવે તેવી માંગ ઉચ્ચારી હતી.

# મનપા તંત્રએ શહેરમાંથી અખાદ્ય પદાર્થનો જથ્થો ઝડપ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચંદ્રેશનગર મેઈન રોડ, માયાણી ચોક પાસે, બેકબોન શોપિંગ સેન્ટર પાસે, રાજકોટ મુકામે આવેલ નસ્રપટેલ ડાઈનિંગ હોલસ્ત્રસ્ર પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી શાકભાજી અંદાજીત ૦૩ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ચંદ્રેશનગર મેઈન રોડ, માયાણી ચોક પાસે, બેકબોન શોપિંગ સેન્ટર પાસે, રાજકોટ મુકામે આવેલ નસ્ર પટેલ ફાસ્ટફૂડસ્ત્રસ્ર પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી ચટણી તથા એક્સપાયરી સોસ, મયોનીઝ, ફ્રેટ્સ સ્પ્રેડ, બ્રેડ, પાઉં વગેરે મળીને અંદાજીત ૦૮ કિ.ગ્રા. અખાદ્ય જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવેલ. તેમજ પેઢીને હાઈજીનિક કન્ડિશન જાળવવા, યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા ત્ર્જ્જઠ વાન સાથે શહેરના નાણાવટી ચોક થી રામેશ્વર હોલ સુધીના વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૦ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૫ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૨૦ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. બાલાજી પાન કોલ્ડ્રિંક્સ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૨)દેવાહી જનરલ સ્ટોર -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૩)રાધે ડ્રાયફ્રૂટ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૪)હેલ્ધી મેડીસીન્સ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના (૦૫)બાપા સીતારામ કોલ્ડ્રિંક્સ -લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ.

# સુખસાગર સોસાયટીમાં યુવાન પાસે મંગેતરે રૂપિયા માંગતા ફિનાઈલ ગટગટાવ્યું

## એક માસ બાદ બંને લગ્નગ્રંથીથી જોડાઈ તે પૂર્વે જ બની ઘટના

ભગવતીપરા વિસ્તારમાં આવેલી સુખસાગર સોસાયટીમાં રહેતા યુવકના આગામી ૧૭ મી એપ્રિલના રોજ સમૂહલગ્નમાં લગ્ન હતા. લગ્ન પૂર્વે જ મંગેતરે રૂપિયાની માંગણી કરતા ભાવી ભરથારે ફિનાઈલ પી લીધું હતું. આપઘાતનો પ્રયાસ કરનાર યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં ભગવતીપરા વિસ્તારમાં આવેલ સુખસાગર સોસાયટીમાં રહેતા જીગ્નેશ લક્ષ્મણભાઈ પરમાર નામનો 30 વર્ષનો યુવાન પોતાના ઘરે હતો ત્યારે સાંજના પાંચેક વાગ્યાના અરસામાં ફિનાઈલ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે જાણ થતાં બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં જિજ્ઞેશ પરમારની ગોંડલના માંડણકુંડલા ગામે રહેતી કરિશ્માબેન સાથે સગાઈ થઈ હતી અને બંનેના આગામી ૧૭મી એપ્રિલના રોજ સમૂહ લગ્નમાં લગ્ન હતા લગ્નના એક માસ પૂર્વે જ મંગેતર કરિશ્માબેને રૂપિયાની માંગણી કરતા ભાવી ભરથાર જીજ્ઞેશ પરમારે ફીનાઈલ પી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે બી ડિવિઝન પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# માજોઠીનગરમાં વીજશોક લાગતા પાંચ વર્ષની માસુમ બાળાનું મોત

## બાળમિત્રો સાથે રમતી વખતે લોખંડની સીડી અડી જતા ઘટી ઘટના; પરિવારમાં શોક

માજોઠીનગરમાં બાળકો રમી રહ્યા હતા. તે દરમિયાન લોખંડની સીડી અડી જતા પાંચ વર્ષની બાળકીને જોરદાર વીજશોક લાગતાં બેભાન થઈ ઢળી પડી હતી જેને ઝનાના હોસ્પિટલમાં ખસેડતા તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. બાળકીના મોતથી પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત અનુસાર શહેરના દૂધ સાગર રોડ પર આવેલ માજોઠીનગર શેરી નં-૩માં રહેતી ધારાબેન વિજયભાઈ બાવળિયા નામની પાંચ વર્ષની બાળકી સવારના નવેક વાગ્યાની આસપાસ ઘર નજીક બાળકો સાથે રમી રહી હતી. ત્યારે ઘરની નજીક પડેલી લોખંડની સીડીને અડી જતા તેમાંથી જોરદાર વીજશોક લાગતાં બાળકી ધારાબેન બેભાન થઈ ઢળી પડી હતી. પરિવાર દ્વારા બાળકીને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર અર્થે ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં માસુમ બાળકીની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ધારાબેન બાવળિયાના પિતા વિજયભાઈનું અવસાન કોરોના કાળમાં થયું હતું. જે બાદ માતા સોનલબેને અવિનાશ નામના યુવક સાથે લગ્ન કરી લીધા હતા. ગઈકાલે સવારે ઘરની બાજુમાં રહેલી લોખંડની સીડી પર વીજ વાયર હોય ત્યારે બાળકી સીડીને અડી જતા બાળકીનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

# સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબના પિતાનું હિટ એન્ડ રનમાં મોત

## મેટોડા પોલીસે પુત્રની ફરિયાદ નોંધી ચાલકની શોધખોળ હાથ ધરી

શહેરમાં દરોજજની વધતી જતી ટ્રાફિક સમસ્યા વચ્ચે જીવલેણ અકસ્માતના અવાર નવાર બનાવો પોલીસ ચોપડે નોંધાય છે. ત્યારે વધુ એક જીવલેણ અકસ્માતમાં પ્રૌઢનું મોત નિપજ્યું હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. રૈયાગામમાં આવેલ શ્યામલ વાટીકામાં રહેતા અને મેટોડામાં પ્રાઈવેટ નોકરી કરતાં કરમશીભાઈ પરસોત્તમભાઈ મારવણીયા ઉ.૫૬ નામના પ્રૌઢ હોળીના પર્વના દિવસે નોકરી પુરી કરી પરત બાઈક લઈ ઘરે જતા હતા.ત્યારે મેટોડા નજીક આવેલ બાલાજી સ્ટોર પાસે જીજે ૦૩ ૨૪૩૪ નંબરના કાર ચાલક જયેશ મકવાણાએ બાઈક ચાલક પ્રૌઢને પાછળથી હડફેટે લેતા માથે- શરીરે ગંભીર ઈજા પહોંચતા તાકિદે પ્રથમ સિવિલ હોસ્પિ.માં ખસેડયા હતા.જયાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિ. માં ખસેડાયા હતા.જયાં પ્રૌઢે આજે સારવાર દરમ્યાન હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતાં મેટોડા પોલીસ મથકના એએસઆઈ સુરભીબેન કેશવાલા સહિતનો સ્ટાફ દોડી જઈ પુત્ર ભાવિકની ફરિયાદ પરથી ઉપરોક્ત કાર ચાલક સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક છ ભાઈ અને પાંચ બહેનમાં સૌથી નાના હતા.અને સંતાનમાં પુત્ર જે સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં તબીબ તરીકે ફરજ બજાવે છે. પ્રૌઢના મોતથી પુત્રએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

# હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટમાં પાણી વિતરણ ખોરવાતા રોષ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૩૨૬ કરોડનાં ખર્ચે નિર્માણ પામેલા નવા ટર્મિનલનુ ૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જોકે તેના એક મહિનામાં જ અસુવિધાઓ સામે આવી છે. સોમવારે એરપોર્ટમાં પાણીની પાઈપલાઈન તૂટી જતા મુસાફરો માટે વોશરૂમ અને પીવાનું પાણી બંધ થઈ ગયું હતું અને તેને કારણે અનેક હવાઈ મુસાફરોએ પોતાનો ઉગ્ર રોસ સોશિયલ મિડીયા પર વ્યક્ત કર્યો હતો. જોકે બાદમાં એરપોર્ટ ઓથોરિટી દ્વારા પાઈપલાઈનનું રીપેરીંગ કરવામાં આવ્યું હતુ અને બાદમા પીવાનું પાણી અને વોશરૂમમાં પાણી શરૂ થયું હતુ. મુસાફરોની ફરિયાદ મુજબ ગઈકાલે પૂરો દિવસ પાણી બંધ હતું જોકે એરપોર્ટ ઓથોરિટીના સૂત્રોનું કહેવું છે કે થોડો સમય માટે જ આ સમસ્યા



હતી બાદમાં પાઈપલાઈન રિપેર થઈ જતા પાણી વિતરણ શરૂ થઈ ગયું હતું.

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપરથી હાલ ઈન્ડિગો અને એર ઈન્ડિયા સહિતની એરલાઈન્સ મળી મુંબઈની ૫, દિલ્હીની ૨ ઉપરાંત હૈદરાબાદ, ગોવા, પુણે અને બેંગ્લોર જવા માટે ફ્લાઈટ ઉડાન ભરી રહી છે. અહીંથી દૈનિક ૩૦૦૦ થી વધુ મુસાફરોની અવર જવર રહે છે. એક વર્ષમા ૧ મિલિયન મુસાફરોની અવરજવરનો રેકોર્ડ તાજેતરમાં જ બનાવ્યો છે ત્યારે પાણી જેવી પ્રાથમિક સુવિધામાં વિક્ષેપ પડ્યો છે.

# ખોડિયાર પાર્કમાં ૬.૬૧ લાખના દાગીના ચોરી લેનાર સીકલીગર ગેંગના બે સાગરિત ઝબ્બે

## કેટરિંગના ધંધાર્થીના ઘરમાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો: ચોરાઉ દાગીના, રોકડ સહીત ૭.૧૫ લાખનો મુદામાલ કબજે



રાજકોટના મોરબી રોડ ઉપર રહેતા ખોડીયાર પાર્કમાં રહેતા અને કેટરિંગનો વ્યવસાય ધરાવતા રમેશભાઈ તુલસીભાઈ સીતાપરા ઉ.૬૬એ ગત શનિવારે બી ડીવીઝન પોલીસમાં ૬.૬૧ લાખની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી જેનો ડીસીબીએ ભેદ ઉકેલી નાખી કબાટની અને તિજોરીની ચાવી બનાવવાના બહાને હાથફેરો કરનાર સીકલીગર ગેંગના બે સાગરીતોને ઝડપી લઈ ચોરાઉ દાગીના, રોકડ સહીત ૭.૧૫ લાખનો મુદામાલ કબજે કર્યો છે. ઉપરોક્ત ચોરી અંગે ફરિયાદ નોંધાયા બાદ ભેદ ઉકેલવા ઉચ્ચ અધિકારીઓની સુચના અન્વયે ડીસીબી પીઆઈ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ એસ ગડચર અને ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન સ્ટાફના અનીલ સોનારા સહિતને બાતમી મળી હતી કે ઉપરોક્ત ગુનામાં સંડોવાયેલ સીકલીગર ગેંગના બે સાગરીતો ચોરેલ મુદામાલ વેચવા નીકળવાના છે આ બાતમી આધારે સોની બજારમાં વોચ ગોઠવી હતી અને દાહોદના પોપટસિંગ ઉર્ફે મલખાન ગોકુલસિંગ સીકલીગર ઉ.૩૭ અને શેરુસિંગ ઉ.૨૫ને દબોચી લીધા હતા કબાટ અને તિજોરીનીચાવી બનાવવાના બહાને ચોરેલ સોનાનો સેટ, બે વીટી, ચેઈન,. કાનસર, બૂટી, રોકડા ૬૦ હજાર અને મોબાઈલ સહીત ૭.૧૫ લાખનો મુદામાલ કબજે કર્યો છે સીકલીગર બેલડી પૈકી મલખાન અગાઉ રાજકોટ-અમદાવાદમાં ચોરીના ચાર ગુનામાં તેમજ એક વખત પાસા તળે જેલયાત્રા કરી ચુક્યો છે જયારે શેરૂ એક ગુનામાં પકડાઈ ચુક્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મવડીમાં લગ્ન વગર ભુવા સાથે રહેતી નર્સિંગની છાત્રાનું શંકાસ્પદ મોત

**કેતન ભુવાજી એ ભગવતીપરાની કોમલબેન ને ઝેર પીવડાવી દીધાનો પિતાનો આક્ષેપઃ ૧૩મીએ કોમલબેને ઝેર પી લેતાં સારવારમાં દાખલ કરાઇ હતીઃ રાતે મૃત્યુ થતાં જ કેતન જતો રહ્યાનો પરિવારનો આક્ષેપ**

**દોઢ વર્ષ પહેલા માતાજીના માંડવામાં સંપર્કમાં આવ્યા બાદ કેતન દિકરીને ભગાડી ગયાનું અને લગ્નવગર સાથે રાખ્યાનો પણ પિતાનો આક્ષેપઃ ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવાની માંગ**



**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભગવતીપરામાં રહેતી યુવતિ દોઢેક વર્ષથી મવડી ગામમાં ગેલ પાનવાળી શેરીમાં રહેતાં અને પોતાને ભુવાજી તરીકે ઓળખાવતા કેતન સાગઠીયા સાથે રહેતી હોઈ હોળીની સાંજે તેણીએ કેતનના ઘરે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. ગત રાતે તેણીનું મોત નિપજતાં ભગવતીપરામાં રહેતાં પિતા ધીરજભાઈ ધનજીભાઈ સોલંકી સહિતે દિકરીએ જાતે દવા નથી પીધી પણ તેને પીવડાવી દેવામાં આવી છે તેવો આક્ષેપ કરતાં અને બીજી તરફ હોસ્પિટલમાંથી કેતન સાગઠીયા પણ ગૂમ થઈ જતાં પોલીસે મૃતદેહનું ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવવા તજવીજ કરી હતી.

બનાવ અંગેની માહિતી મુજબ કોમલબેન કેતનભાઈ સાગઠીયા (ઉ.વ.૨૬) નામની યુવતિએ ગત ૧૩/૩ના હોળીના દિવસે સાંજે છએક વાગ્યે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. અહિ ગત રાતે તેણીનું મોત થતાં હોસ્પિટલ ચોકીના પોલીસ સ્ટાફે એ તાલુકા પોલીસને જાણ કરતાં એએસઆઇ ગૌતમભાઈએ જરૂરી કાર્યવાહી કરી હતી.

જો કે કોમલબેનના પિતા ધીરજલાલ સાગઠીયાએ આક્ષેપો સાથે જણાવ્યું હતું કે મારી દિકરી કોમલબેનને દોઢેક વર્ષ પહેલા કેતન ભુવાજીએ ફસાવી હતી અને તેને ભગાડી ગયો હતો. તેણી લગ્ન વગર જ કેતન સાથે રહેતી હતી. મારી દિકરીને કંઈક કરી મુક્યું હોવાની શંકા છે. તે જાતે દવા પીવે તેવી નહોતી, તેણીને દવા પીવડાવી દીધાની અમને શંકા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બે વર્ષ પહેલા માતાજીનો માંડવો હતો તેમાં કેતન ભુવાજી તરીકે આવ્યો હતો. એ પછી મારી દિકરી સાથે ઓળખાણ કેળવી હતી અને તેને ફસાવી હતી. તે લગ્ન વગર જ મારી દિકરીને રાખતો હતો.

કોમલબેન એક ભાઈ અને ત્રણ બહેનમાં મોટી હતી અને જ્યારે તેણીને ભગાડી તે વખતે તે નર્સિંગનો અભ્યાસ કરતી હતી. પિતા ધીરજલાલ સાગઠીયા આરએમસીમાં સોલીડ વેસ્ટ વિભાગમાં ફરજ બજાવે છે. તેણે આક્ષેપ કર્યો હતો કે કેતને અગાઉ પણ એક છોકરીને ફસાવી હતી અને આ



કારણે ગુનો નોંધાતા જેલમાં પણ ગયો હતો. મારી દિકરીને દાખલ કરી ત્યારથી તે હોસ્પિટલમાં ભેગો જ હતો, ગત રાતે દિકરીનું મૃત્યુ થયા બાદ તે નીકળી ગયો હોઈ અમને વધુ શંકા ઉપજી છે. તેમ વધુમાં ધીરજલાલે જણાવતાં ફોરેન્સિક પોસ્ટમોર્ટમ બાદ પોલીસ આગળ તપાસ કરશે.

# રાજકોટમાં સોનીની ઓફિસમાંથી રૂ. ૧૦.૮૧ લાખના દાગીના-રોકડની ચોરી

**ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ, એ.ડિવિઝન, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી સહિતની ટીમોએ તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં શહેર પોલીસને ખૂલ્લી ચેલેન્જ તસ્કરો આપી રહ્યાં છે. એક બાદ એક ચોરીને અંજામ આપી હવામાં ઓગળી જઈ રહ્યાં છે. હાલ પોલીસ કમિશ્નરથી લઈ કોન્સ્ટેબલ સુધીનો તમામ સ્ટાફ ખૂંખાર આરોપીના લિસ્ટ બનાવવામાં વ્યસ્ત છે અને તસ્કરો ચોરી કરવામાં વ્યસ્ત થઈ ગયાં છે. તેમાં મરણમૂડી શહેરીજનો ગુમાવી રહ્યાં છે.

જેમાં દિવાનપરા વિસ્તારમાં રૂ.૧૩ લાખથી વધુમાં મુદ્દામાલની થયેલ ચોરીનો હજું ભેદ ઉકેલાયો નથી ત્યાં જ ત્રિકોણબાગ પાસે ગેલેક્ષી હોટલની સામે મારૂતિ કોમ્પ્લેક્ષમાં ચોથા માળે આવેલ મીના ગોલ્ડ બાયર નામની ઓફિસની કાચની બારી તોડી અંદર ઘુસેલા તસ્કરોએ રૂ.૧૦.૮૧ લાખના સોનાના દાગીના અને રોકડની ચોરી કરી નાસી છૂટતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે એ.ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે જામનગર રોડ પર પુનીતનગર-૨ શેરી નં.૪ માં રહેતાં ધવલભાઈ અશોકભાઈ નાગર (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને ગેલેક્ષી હોટેલની સામે આવેલ મારૂતી કોમ્પ્લેક્ષ નામના એપાર્ટમેન્ટમાં ઓફીસ નં.૪૧૨ મા નક્ષમીના ગોલ્ડ બાયરસ્ત્રય નામે ઓફીસ આવ્રત છ થી સાત વર્ષથી ધરાવી સોના ચાંદીના ખરીદીનો વેપાર કરે છે. તેમના ભાગીદાર તરીકે ઉપેન્દ્રસિંહ જોડેજાના છે. ગઈ તા. ૧૫ ના સાંજના આઠેક વાગ્યાની આસપાસ તેઓ ઓફિસનું કામ પતાવી ઓફિસ બંધ કરી મારા ઘરે જવા નીકળી ગયેલ હતાં. તા.૧૬ ના રોજ રવીવાર હોવાથી ઓફીસ બંધ રાખેલ હતી.

બાદ ગઈકાલે સવારના પોણા દસેક વાગ્યે તેઓ ઓફીસ ખાતે આવેલ ત્યારે ઓફીસ ખોલી અંદર પ્રવેશતા સામેની દિવાલમાં આવેલ બારીનો કાચ તુટેલ હાલતમાં જોવામાં આવેલ હતો. તુટેલ બારી પાસે જોતા કાચના ટુકડાઓ તુટેલી હાલતમાં પડેલ હતાં. તેમજ બારી પર અને દીવાલમાં બેસવાની ખુરશીમાં લોહીના ડાઘા જોવામાં આવેલ હતા.

તેઓએ ઓફીસમાં આવેલ ટેબલના ડ્રોવરમાં રાખેલ કિંમતી દાગીનાઓ જેમાં એક સોનાનો ચેન રૂ.૩.૩૦ લાખ, હાથમાં પહેરવાની સોના-કોપરની બે બંગડીઓ રૂ.૨.૨૦ લાખ, સોનાનો હાર રૂ.૧ લાખ, એક જોડી બુટી નં. ૨, એક જોડી બંગડી નં. ૨ રૂ.૧,૨૯,૯૭૦, મંગળસુત્ર નં.૧ મળી કુલ ૧૧૫.૮ ગ્રામ સોનાના દાગીના મળી કુલ રૂ.૧૦.૧૧ લાખનો મુદ્દામાલ તેમજ ઓફીસમાં રાખેલ રોકડા રૂ.૭૦ હજાર જોવામાં આવેલ ન હતાં.

જેથી તેઓએ તુરંત જ ભાગીદાર ઉપેન્દ્રસિંહ મહીપતસિંહ જાડેજાને ફોન કરી સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા ચોરી થયેલ તે બાબતે



જાણ કરેલ હતી. જે બાદ બંને ભાગીદારોએ ઓફિસમાં તમામ જગ્યાએ સોના ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા સોધતા ક્યાય જોવામાં આવેલ ન હતાં.

જેથી ઓફિસમાં ચોરી થયાનું સામે આવતાં ઓફીસમા લગાવેલ સી.સી.ટી.વી. કેમેરા જોતા તેમાં રાત્રીના કલાક ૧.૩૧ વાગ્યે એક અજાણ્યો શખ્સ જેણે ટોપી પહેરેલ લાંબા વાળ તથા આછી દાઢી મુછ વાળો જોવામાં આવેલ અને તેના હાથમાં મોબાઈલ ફોન હતો. જેથી ચોરીના બનાવ અંગે પોલીસને જાણ કરી ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. સાથે સાથે ક્રાઈમ બ્રાન્ચ અને એલસીબીની ટીમોએ પણ તપાસનો ધમધટઆદર્યો હતો.

# લોધીકાના વિરડા વાજડીમાં યુવતિએ આર્થિક ભીંસથી કંટાળી ગળા અને હાથમાં કટર ફેરવ્યું

રાજકોટ નજીક આવેલા લોધીકા તાલુકાના વીરડા વાજડી ગમે રહેતી યુવતીએ મેટોડામાં આવેલા કારખાનામાં આર્થિક પરિસ્થિતિથી કંટાળી પોતાની જાતે ગળા અને હાથમાં કટર વડે કાપા મારી લીધા હતા. યુવતીને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ લોધિકા તાલુકાના વિરડા વાજડી ગામે રહેતી વૈશાલીબેન રમેશભાઈ રાઠોડ નામની ૨૨ વર્ષની યુવતી બપોરના એકાદ વાગ્યાના સામા મેટોડા જીઆઈડીસી ગેટ નં.૧માં આવેલા એનોફ્ટ કારખાનામાં હતી ત્યારે પોતાની જાતે કટર વડે ગળા અને હાથના ભાગે કાપા મારી લીધા હતા. યુવતીને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ ઘટના અંગે રાજકોટ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરતા મેટોડા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં – વૈશાલીબેન રાઠોડ એક ભાઈ ત્રણ બહેનમાં વચેટ હતી અને ઘરની આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાથી વૈશાલીબેન રાઠોડે પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે મેટોડા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આંબેડકરનગરમાં 31 હજારના દારૂ સાથે ત્રિપુટી ઝડપાઇ

રાજકોટ શહેરના ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આંબેડકર નગરમાંથી પીસીબીએ દરોડો પાડી ૩૧ હજારના દારૂ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડયા હતાં. જાણવા મળતી વિગત મુજબ પીસીબીના હેડ કોન્સ. કિરતસિંહ ઝાલા, કોન્સ. વાલજીભાઈ જાડા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન એસટી વર્કશોપ પાછળ આંબેડકર નગગરમાં દારૂની હેરફેર કરતી હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી આંબેડકર નગરમાં રહેતા કિશોરભાઈ ચાવડા અને વિપુલ અરવિંદભાઈ ખીમસુરિયાને ઝડપી પાડી દારૂની બોટલ નં. ૨૪ અને ચપલા નં. ૯૬ મળી કુલ રૂા. ૩૦,૬૯૬નો દારૂનો જથ્થો ઝડપી પાડી ત્રણેય શખ્સોની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બામણબોરના કારખાનામાંથી ટી.સી.ના ૪ લાખની કોપર પ્લેટની તસ્કરી

રાજકોટ–અમદાવાદ હાઈવે પર બામણબોરમાં આવેલા કારખાનામાં તસ્કરો ત્રાટક્યા હતા અને કારખાનામાં આવેલું ૬૩૦ કેવીનું ટીસી મેઈન લાઇનમાંથી અલગ કરી તેમાંથી કોપર પ્લેટ અને ૭૫૦ લીટર ઓઈલ સહિત રૂ.૪ લાખની ચોરી થયાની ફરિયાદ એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.વધુ વિગતો મુજબ, એરપોર્ટ રોડ પર વસુંધરા રેસિડેન્સી બ્લોક નંબર સાતમાં રહેતા જયપ્રકાશ ઈન્દ્રચંદ મુન્દ્રા નામના વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,બામણબોર ગામ રેવન્યુ સર્વે નંબર–૮૯ માં સરદ ઈન્ડસ્ટ્રીઝ ધરાવે છે અને તેમની કંપની સ્વસ્તિક રબર ઈન્ડસ્ટ્રીઝ જને ભાડા પેટે આપી છે.જે મારી કંપનીના કંપાઉન્ડમાં ૬૩૦ કેવીનું ટ્રાન્ફોર્મર (ટી.સી) આવેલુ છે.જે ટ્રાન્ફોર્મર (ટી.સી) જેતે સમયે રૂ.૧૧ લાખનું ખરીદ કરેલ હતુ. તા. ૧૬/૦૩ના સવારના નવ વાગ્યે જયપ્રકાશભાઈ ઘરે હાજર હતા ત્યારે કંપનીમાં મેન્ટેનેશનું કામ કરતા સંગ્રામભાઈ ધનાભાઈ રંગપરાનો ફોન આવેલ અને જણાવેલ કે હું કંપનીમાં કામ ચાલુ કરવા જતા લાઈટ ન હોવાથી ટ્રાન્ફોર્મર (ટી.સી) વાળા કંપાઉન્ડમાં જોવા ગયેલ ત્યા ટ્રાન્ફોર્મર (ટી.સી) નીચે પડેલ છે અને તેનો કેટલોક સામાન વેર વીખેર પડેલ છે. જેથીમને એવુ લાગે છે કે કોઈ આ દિવાલ પાસે ગાડી ઉભી રાખી ટ્રાન્ફોર્મર (ટી.સી) તોડી તેમાંથી કોપરની પ્લેટો અને ઓઈલની ચોરી કરી લઈ ગયેલ છે. તેમ વાત કરતા જયપ્રકાશભાઈ કંપની ખાતે પહોંચી અને જોયુ તો ટ્રાન્ફોર્મર (ટી.સી) માંથી કોપરની પ્લેટો અને ઓઈલની ચોરી થઈ હોવાનું જણાયેલ જેથી ફરિયાદીએ કંપનીના સી.સી.ટી.વી. ચેક કરતા રાત્રીના ૧૨/૨૪ વાગ્યા સુધી સી.સી.ટી.વી. ચાલુ હતા અને ત્યાર બાદ બંધ થયા હતા.આ ટ્રાન્ફોર્મર (ટી.સી) માંથી કોપર ની પ્લેટો અને ૭૫૦ લીટર ઓઈલની સહિત ૪ લાખની ચોરી થઈ હતી.આ મામલે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# સરકારી પંપમાં ડીસ્પેલ સાથે ચેડા કરતા ફિલરમેન સાથે રૂરલના પોલીસમેનની બોલાચાલી

શહેરના જામનગર રોડ પરના સરકારી પેટ્રોલ પંપ પર મોડીરાત્રીના કાળા કાચ, નંબર પ્લેટ વગરની બ્રાઉન કવીડ કાર લઈ પેટ્રોલ પુરાવવા ગયેલા જિલ્લામાં પોલીસમેન અને ફિલરમેન વચ્ચે બોલાચાલી થતા પ્ર.નગર પોલીસ મથકની પીસીઆરવાન બોલાવાઈ હતી.બાદ ફિલરમેનની ભૂલ પેટ્રોલ પંપ સંચાલકે સ્વીકારતા મામલો થાળો પડયો હતો. રાજકોટ જીલ્લામાં ફરજ બજાવતા પોલીસમેન નંબર પ્લેટ વગરની કાળા કાચ વાળી બ્રાઉન કવીડ કાર લઈ જામનગર રોડ પર આવેલા પેટ્રોલ પંપ પર પેટ્રોલ પુરાવવા ગયા હતા.દરમ્યાન ફિલરમેન ડિસ્પેલમાં ચેડા કરતો હોવાનું પોલીસમેનના ધ્યાને આવતા પોલીસમેને ફિલરમેનને કહ્યું કે હું પોલીસમેન છું તું આ ચેડા શું કામ કરે છે. જે વાતને લઈ બન્ને વચ્ચે બોલાચાલી થતા પોલીસમેને ફિલરમેનને માર મારતા લોકોના ટોળા એકઠા થયા હતા. બનાવના પગલે પોલીસ કંટ્રોલરૂમમાં ઘટનાની જાણ કરતા પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો.બાદ પેટ્રોલ પંપ સંચાલકે ફિલરમેનની ભૂલ સ્વીકારતા મામલો ઘટના સ્થળે જ થાળે પડયો હોવાનું જાણવા મળ્યું છે.

# વિરાણી હાઈસ્કૂલની જમીનમાં શરતભંગ સાબિત, ખાણીપીણી બજાર બંધ કરવા નોટિસની તજવીજ

**કરોડો રૂપિયાની કિંમતી જમીન વહેચવાના વિવાદ બાદ હવે નવો વિવાદ**

કરોડો રૂપિયાની કિંમતી જમીન વહેચવાના વિવાદમાં સરકારી તંત્રએ જમીનનો કોઈપણ ભાગ ભાડે આપી શકાશે નહી, જમીનનો નફો મેળવી શકાશે તેવો સ્પષ્ટ ચૂકાદો આપવામાં આવ્યા પછી પણ હાઈસ્કૂલના સંચાલકો દ્વારા હાઈસ્કુલની અંદર આખી ખાણીપીણી બજાર અને બોક્સ ક્રિકેટ બનાવી મેદાન ભાડે આપ શરતભંગ કરવામાં આવ્યો હોવાની ફરિયાદ બાદ આ મામલે કલેક્ટર તંત્ર દ્વારા તપાસ કરવામાં આવતા શરતભંગ સાબિત માની ખાણીપીણી બજાર બંધ કરવા નોટિસ ફટકારવા તજવીજ હાથ ધરવામાં આવી છે. હાઈસ્કૂલની જમીન વિવાદનો ગત ૨૦ જાન્યુઆરીએ રાજકોટ શહેર–૧ પ્રાંત અધિકારી દ્વારા ચૂકાદો જાહેર કરવામાં આવ્યો છે. તેમાં સરકારી નિયંત્રણવાળી જમીન હોવાથી તેનું વેંચાણ કે નફાખોરી કરવાની મનાઈ ફરમાવવામાં આવી હોવા છતાં પણ સંચાલકો દ્વારા શૈક્ષણિક હેતુની જમીનમાં કોર્મશિયલ પ્રવૃતિ કરવામાં આવતી હોવાની ફરિયાદ કલેક્ટરને કરવામાં આવી હતી. જેની તપાસ પશ્ચિમ મામલતદારને સોંપવામાં આવતા તેઓએ સ્થળ તપાસ કરી હાઈસ્કૂલમાં ચાલતી પ્રવૃતિનો રિપોર્ટ ડે. કલેક્ટરને કર્યો હતો. તેના આધારે ડે.કલેક્ટરે અહેવાલ કલેક્ટરને કર્યો હતો. દરમિયાન કલેક્ટર દ્વારા વિરાણી હાઈસ્કૂલની જમીનમાં સાબિત માની આગળની કાર્યવાહી કરવાના આદેશ આપવામાં આવતા હવે પ્રાંત અધિકારી દ્વારા શરતભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સંચાલકોને નોટિસ ફટકારી ખાણીપીણી બજાર સહિત બોકસ ક્રિકેટ પણ બંધ કરાવવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે. રાજકોટના રે.સ.નં.૪૨૭ પૈકીની ૪૯,૭૨૦ ચોરસ વાર જમીન તા.૨૦–૧૨–૧૯૫૧માં વિરાણી હાઈસ્કૂલને કેટલીક શરતો સાથે ફાળવવામાં આવી હતી. દરમિયાન ટાગોર માર્ગ પહોળો કરવા માટે કપાત થતી જમીન બાબતે ટ્રસ્ટ દ્વારા માપણી કરી જમીનના અલગ–અલગ છ હિસ્સા પાડવામાં આવ્યા હતા. તેમાંથી એક હિસ્સાને વેચવાની પેરવી થઈ હતી.આ બાબતે વિવાદ થતા કાનૂની જંગના મંડાણ થયા હતા અને મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો હતો. હવે આ મામલો ખત્મ થતા જ શરતભંગનો કેસ ફરી ઉખડયો છે.

# જૂનાગઢમાં ભાજપના પૂર્વ નગરસેવિકાના પતિએ બજારમાં યુવકને હથોડી ઝીંકી દીધી

**બાઈક અથડાવવા જેવી બાબતે યુવાન પર હુમલોઃ પોલીસે સતર્કતા દાખવી શખ્સને ઝડપી પાડીને ગુનો દાખલ કર્યો**



જૂનાગઢમાં ભાજપના પૂર્વ નગરસેવિકાના પતિએ બજારમાં બાઈક અથડાવવા જેવી સામાન્ય બાબતે એક યુવાનને સરા જાહેરમાં મારપીટ કરીને હથોડી વડે હુમલો કરીને માર મારતા હોવાની ઘટના સીસીટીવીમાં કેદ થયેલ છે, આ ઘટનામાં પોલીસે સતર્કતા દાખવીને તુરંત આરોપીને ઝડપીને જાહેરમાં બખેડો કરવા સબબનો ગુન્હો દાખલ કરવા તજવીજ શરુકરી છે. જૂનાગઢમાં વોર્ડનંબર ૧૦ ના ભાજપના પૂર્વ નગરસેવિકા અને પૂર્વ ડેપ્યુટી મેયર દિવાળીબેન પરમારના પતિ ભરત પરમાર એમ.જી રોડ ઉપરથી પસાર થતા હતા, ત્યારે બાઈક અથડાવવા જેવી સામાન્ય બાબતે પીતો ગુમાવ્યો અને એક યુવાનને બજારમાં સરાજાહેરમાં મારપીટ કરી લીધી હતી, અને તેને છોડાવવા અનેક લોકો વચ્ચે પડ્યા પરંતુ સત્તાના મદમાં આવીને પૂર્વે નગરસેવિકાના પતિએ તો હથોડી હાથમાં આવી જતા યુવકને આડેધડ માર મારી લીધો હતો, આ ઘટના સીસીટીવીમાં કેદ થયેલ છે, અને તેનો વિડીયો પણ વાયરલ થયો છે. જો કે હજુ સુધી યુવક દ્વારા કોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવી ન હતી. આ અંગે ડીવાયએસપી હિતેશ ધાંધલીયાએ જણાવ્યુંકે, પોલીસે આ ઘટનામાં સતર્કતા દાખવીને તુરંત હુમલો કરનાર ભરત પરમારને પકડી પાડ્યો અને પોલીસ મથકે લાવ્યા હતા.આ અંગે કોઈ ફરીયાદી ન થતા જાહેરમાં બખેડો કરવા સબબ પોલીસે જાતે ફરીયાદી બનીને ગુનો દાખલ કરવાની તજવીજ શરુકરવામાં આવી છે.

# ગોંડલના કમઢીયામાં માથામાં પથ્થરોના ઘા મારી યુવાનની હત્યા

- **જમીનના ભાગીયાના ડખ્ખામાં પરપ્રાંતીય યુવાને જીવ ખોયો હોવાનું અનુમાન**



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકાના કમઢીયા ગામે સીમ વિસ્તારમાં ગત મોડી રાતે પરપ્રાંતિય યુવકની હત્યા નો બનાવ બન્યોછે. પ્રાપ્ત વિગત મુજબ કમઢીયાથી દેરડી(કુંભાજી) ગામ તરફ જતા માર્ગે ખીમાભાઈ જાસોલીયાની વાડીમાં મુળ એમપીના અલીરાજપુર જીલ્લાનાં જોબટ ના અને હાલ ખેતમજુરી કરતા બંસી બાઉ અજનાર ઉ.૩૦ ની કોઈ અજાણ્યા શખ્સોએ માથા પર બેરહેમી પુર્વક પત્થરો નાં ઘા મારી હત્યા કરી હતી.

હત્યા બાદ તેની લાશ ને વાડીમાં ખોદેલા મકાન નાં પાયામાં ફેંકી દિધી હતી. રોડનાં કાંઠે આવેલી વાડીમાં કાંકરીનાં ઢગલા પાસેથી ગોદડું, લોહીનાં ડાઘ વાળા પત્થરો અને જીજે૨૦ એપી ૪૧૯૮ નંબર નું બાઈક મળી આવતા પોલીસે કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

મૃતક પરણીત હતો.સંતાનમાં બે દિકરા અને બે દિકરીઓ હોવાનું તથા પરીવાર સાથે વાડીમાં રહેતો હતો. બાજુની યોગેશભાઈ શિયાણી ની વાડીમાં પણ બંશીએ ભાગીયુ વાવવા રાખ્યુ હોય ક્યારેક યોગેશભાઈ ની વાડીમાં તો ક્યારેક ખીમાભાઈ ની વાડીમાં પરીવાર સાથે રાતવાસો કરતો હતો. ગત રાતે ખીમાભાઈ ની વાડીમાં એકલાએ રાતવાસો કર્યો હતો.

બનાવ નાં પગલે કમઢીયા નાં ઉપસરપંચ સહિત દોડી આવી સુલતાનપુર પોલીસ ને હત્યા અંગેની જાણ કરી હતી. હત્યાની ઘટનામાં કોઈ અંદરની વ્યક્તિ હોવાનું પ્રાથમિક અનુમાન કરાઈ રહ્યું છે. બનાવ નાં પગલે સુલતાનપુર પોલીસ, કઈઇ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હત્યારાઓ ને શોધવા કવાયત હાથ ધરી છે.

# લોઠડા ગામેથી ઝડપાયેલા મુખ્ય આરોપી બે દિવસના રિમાન્ડ પરઃપિતા-પુત્ર જેલ હવાલે

- **પોલીસે પોકસો સહિતની કલમોનો ઉમેરો કરી કાર્યવાહી હાથ ધરી**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના રૈયા રોડ પર સુભાષનગર–૮માં રહેતો મનિષ ઉર્ફે મનીયો અરવિંદભાઈ અધેરા ઉ.૨૦ નામનો શખસ યુનિ.પોલીસ મથકના વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની સગીરાને અપહરણ કરી ભગાડી ગયો હતો. બનાવમાં શખસના પિતા અરવિંદ ઉ.૫૨ અને તેના ભાઈ વિકાસે પણ મદદ કરી હતી. ઉપરોક્ત ત્રણેય ગુમ થઈ ગયા હતા. આ મામલે ગત.તા.૨૭ના ગુનો નોંધાયો હતો.બાદ સગીરાના પિતાએ હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સ દાખલ કરી પોલીસ કાર્યવાહી ન કરતી હોવાની રજૂઆત કરી હતી.દરમ્યાન મુખ્ય આરોપી, તેના પિતા અને ભાઈ તથા સગીરાને એલસીબી ઝોન–૨ ટીમે લોઠડા ગામેથી દબોચી યુનિ. પોલીસે સોંપતા પોકસો સહિતની કલમોનો ઉમેરો કરી ત્રણેય આરોપીને કોર્ટમાં રજુ કરતાં મુખ્ય આરોપી મનિષ ઉર્ફે મનીયાના કોર્ટ બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા.

તેમજ પિતા–પુત્રને જેલ હવાલે કરવા હુકમ કર્યો હતો. ધો.૧૨માં અભ્યાસ કરતી સત્તર વર્ષની સગીરા ગૂમ થતાં પરિવાજનોએ શોધખોળ શરૂ કરતાં તેને સુભાષનગરનો મનિષ ઉર્ફે મનિયો અથેરા ભગાડી ગયાનું જણાતાં યુનિ.પીઆઈ એચ.એન. પટેલ અને ટીમે તપાસ શરૂ કરતાં મનિષ અને તેના પિતા, ભાઈ પણ ઘરેથી ગૂમ થઈ ગયાનું તથા અપહરણમાં તેની પણ મદદગારી હોવાનું ખુલતાં આરોપીઓની તસ્વીરો સાથે યાદી પ્રસિધ્ધ કરાઈ હતી.

દરમ્યાન એલસીબી ઝોન–૨ ટીમે સીસીટીવી ફૂટેજ, બાતમીદારો અને ટેકનીકલ સોર્સના માધ્યમથી ત્રણેય આરોપીઓ લોઠડા ગામે ઓરડીમાં ભાડેથી રહેતાં હોવાની અને સગીરા પણ સાથે હોવાની બાતમી આધારે મનિષ ઉર્ફે મનિયો, તેના પિતા,ભાઈ દબોચી યુનિ.પોલીસને સોંપ્યા હતા. આ ત્રણેય મોટે ભાગે રૂમમાં પુરાઈ રહેતાં હતા.

માત્ર જમવાનું લેવા માટે જ નીકળતાં હતા.યુનિ.પોલીસ મથકના પીઆઈ એચ.એન.પટેલે મુખ્ય આરોપી મનિષ ઉર્ફે મનીયા સામે પોકસો સહિતની કલમોનો ઉમેરો કરી ત્રણેયને કોર્ટમાં રજુ કરતાં મુખ્ય આરોપીના બે દિવસના રીમાન્ડ મંજુર કર્યા છે.જયારે પિતા–પુત્ર જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.

# પુષ્પા સ્ટાઈલમાં હથિયારો સાથે રીલ બનાવનાર ચાર યુવકોને પોલીસે કાયદાનું ભાન કરાવ્યું



હિન્દી ફિલ્મ પુષ્પા ની સ્ટાઈલમાં તીક્ષણ હથિયારો સાથે રીલ બનાવી ભાવનગર જિલ્લાના મહુવાના ચાર યુવાનોએ સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી. જે વાત ભાવનગર પોલીસના ધ્યાને આવતા પોલીસે યુવકોની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું. પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના મહુવા ખાતે રહેતા બારૈયા હિતેશભાઈ, ડોડીયા હરદીપભાઈ, ધવલ ત્રિવેદી અને દીપક નકુમ નામના ચાર યુવકોએ પુષ્પા ફિલ્મની સ્ટાઈલમાં તીક્ષણ હથિયારો સાથે રીલ બનાવી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી હતી .જે ભાવનગર પોલીસના ધ્યાને આવતા પોલીસે ચારેય યુવકોની ધરપકડ કરી રિલમાં ઉપયોગ લેવાયેલી ગાડી પણ ડીટેઈન કરી હતી. અને ચારેય યુવાનો પાસે માફી મંગાવી હતી. આમ ચાર યુવાનોને ફિલ્મની જેમ રિલ બનાવી ભારે પડી હતી.